# સહજ-સત્સંગ

અંક : ૨૪૫ વર્ષ : ૨૧ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા મે : ૨૦૦૯




## નવ સર્જન

પ્રતિક જગમાત તણું, શોભે વિધવિધ ભાત,
બાળ-બાલિકા કલા સર્જન કરે, સેવા સ્વીકારો માત.



**શ્રી માતાજી**

મીરાંબા ધરતી તળે, આવ્યા એ છે વાત,
ઉત્ક્રાંતિએ હરણફાળ ભરી, બને પુરાવો સાક્ષાત્.

# પ્રાર્થના અને ધ્યાન

(૧૫-૫-૧૯૧૪)



એક શિખર ઉપર પહોંચી ગયા પછી આપણને એક વિશાળ ક્ષિતિજ જોવા મળે છે. તે રીતે પ્રભુ, ચેતના જ્યારે તારી સાથેનું અદ્વૈત અને આવિર્ભાવ પામેલું જગત એ બે વચ્ચેના મધ્યવર્તી પ્રદેશ સાથે પોતાને એકરૂપ કરી લે છે ત્યારે માણસ તારી અનંતતા અને જગત વિષેનો બનતો સાક્ષાત્કાર એ બંનેમાં એકી સાથે ભાગ લેતો થાય છે..... આ શરીર કે જે સ્થૂલ પ્રદેશની અંદર એક ખાસ કરણ તરીકે કામ કરતું હોય છે, તે આ સર્વની વચ્ચે એક વધુ શક્તિશાળી બિંદુના જેવું હોય તેમ વિશેષ ચોક્કસતા અને સ્પષ્ટતાવાળુ દેખાઈ આવે છે..... આ દર્શન ગઈ કાલ પછી મને છોડીને લેશ પણ ચાલ્યું ગયું નથી... આ પ્રવૃત્તિ દેખાવમાં તો સામાન્ય પ્રકારની હોય તેમ જ ચાલ્યા કરે છે પણ તેણે એક અદ્દભુત રીતે બોલતા ચાલતા અને જીવતા રમકડાનું યાંત્રિક રૂપ લઈ લીધું છે, અને તેને મારી ચેતના એક ઉચ્ચ અવસ્થામાંથી હલાવી ચલાવી રહી છે. આ ચેતના વ્યક્તિરૂપની તો નથી પણ તે હજી વિશ્વરૂપની જ રહેલી છે એટલે કે તે હજી તારી અદ્વૈતની અંદર પૂરેપૂરી ડૂબી ગયેલી બની નથી.

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

# સહજ-સત્સંગ

અંક : ૨૪૫ વર્ષ : ૨૧

મે - ૨૦૦૯

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

---

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

---

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી
હર્ષદભાઈ ઠકરાર
લલિતભાઈ ઉપાધ્યાય
કમલેશભાઈ માંડવિયા**

---

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005

Reg.No. - GRJ-303 / Dec. - 2011
The Registrar of Newspapers for India
Reg.No. - 07598/22 A.K.GTC



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
ભારતમાં વાર્ષિક રૂા. ૧૦૦/-
પરદેશમાં વાર્ષિક રૂા. ૮૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ
ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જુનો
ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક
તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના
લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ
ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)**

# પ્રાર્થના અને ધ્યાન
(૧૨-૫-૧૯૧૪)

માતાજીને ગીતામાં જણાવેલ અક્ષર-પુરૂષનો અનુભવ આવી રહેલ છે. અક્ષરપુરૂષના અનુભવમાં એક નિરાકાર આકાશ જેવી નિર્મળ, અસંગ, નિર્લેપ, સર્વવ્યાપી ચેતનાનો અનુભવ આવે છે. તે ચેતના નિષ્ક્રિય લાગે છે પણ તેના હાજરી માત્રથી પ્રકૃતિ કાર્ય કરતી લાગે છે. પ્રકૃતિ એટલે આપણું મન, પ્રાણ, શરીર તો છે જ પણ તેથી પણ સૂક્ષ્મ વૈશ્વિક કક્ષાનાં મહત્ વગેરે પણ તત્વો તેમાં આવી જાય છે.

માતાજી આવી અક્ષરપુરૂષની વૈશ્વિક-ચેતનામાં જીવી રહ્યાં છે. પણ આ કક્ષાએ જગત સાથે કોઈ લેવા દેવા નથી, પોતે ફક્ત સાક્ષીભૂત છે એવી જ ભાવના હોય છે.

જ્યારે માતાજીની સાધના આગળ વધીને પુરૂષોત્તમ- ચેતના સાથે એકરૂપ થાય છે, ત્યારે પછી અક્ષરપુરૂષ આ ચેતનાને પોતાના એક નિષ્ક્રિય પાસા તરીકે અનુભવાય છે. પણ સાથે સાથે પોતાનું એક સક્રિય પાસુ પણ છે. તેનો પણ પુરૂષોત્તમ ચેતનાને અનુભવ આવે છે. જગત જે પ્રભુરૂપ બનવા માટે, પ્રભુ સાથે એકરૂપ થવા માટે ઉત્ક્રાંતિ દ્વારા વિકાસ પામી રહ્યું છે તે પુરૂષોત્તમનું સક્રિય પાસુ છે. તેમાં પ્રભુ પોતે, પુરૂષોત્તમ પોતે ક્ષરપુરૂષ તરીકે પ્રગટ થતાં હોય છે. ક્ષરપુરૂષ એટલે વિકસતા પુરૂષ-પોતાને વધુને વધુ પ્રગટ કરતા પ્રભુ પોતે, પુરૂષોત્તમ પોતે.

આ અનુભૂતિમાં જ્યારે માતાજીની ચેતના સ્થિર થાય છે ત્યારે માતાજી જાણે પોતે એકી સાથે ક્ષર અને અક્ષરપુરૂષમાં જીવતા હોય, પોતે જ સક્રિય અને નિષ્ક્રિય બન્ને પાસા ધરાવતા હોય એવો અનુભવ લેવાની શરૂઆત કરે છે. તેથી માતાજી જણાવે છે કે ત્યારે પોતે ‘અનંતતા’ અને ‘જગત’ બન્નેમાં જીવતા હોય એવું લાગે છે.

આ અનુભૂતિ વખતે માતાજીને પોતાનું શરીર એ ભૌતિક-જીવનમાંનું પેલી પુરૂષોત્તમ ચેતનાનું જ એક આવિર્ભાવ - કેન્દ્ર છે એવું લાગે છે. તે એક સશક્ત માધ્યમ તરીકે અનુભવાય છે.

પણ માતાજી જાણે છે કે હજી તેમની ચેતના વૈશ્વિક-ચેતનામાં જ અર્થાત અક્ષર-પુરૂષમાં જ રહેતી લાગે છે. પણ હજી કાયમી સ્વરૂપે પુરૂષોત્તમ ચેતનામાં જઈને સ્થિર થએલ નથી. પુરૂષોત્તમ ચેતનામાં જ પ્રભુ સાથે પૂર્ણ તાદાત્મ્ય, પૂર્ણ-યોગ સધાય છે. માતાજીની સાધના પુરૂષોત્તમ ચેતનામાં વિકાસ પામવા માટે એકાગ્ર થએલી છે.

# શાંતિ અને સ્થિરતા

- જ્યોતિબેન થાનકી

શાંતિ એટલે ચેતનાની એવી સ્થિતિ કે બહાર યુદ્ધ થઈ રહ્યું હોય છતાં પણ મનુષ્યની અંદર કોઈપણ જાતનો ખળભળાટ ન થાય. બહારના કોઈપણ પરિબળો માણસની અંદરની સ્થિરતાને જરા પણ ક્ષુભિત ન કરી શકે એવી સ્થિતિને જ શાંતિ કહી શકાય. ઘણી વખત મનુષ્ય બહારના બનાવથી ખળભળી ઊઠતો હોય તો તેનામાં શાંતિનું સ્થાપન થયું નથી તેમ કહી શકાય. શ્રી અરવિંદ કહે છે કે શાંતિ અને નીરવતા અંતરના ઊંડાણમાં સ્થાપિત થવા જોઈએ કે જેથી જે કંઈ બહારથી આવે તે ફક્ત સપાટી પરથી પસાર થઈ જાય. પરંતુ દૃઢ પણે સ્થિર થયેલી શાંતિમાં કંઈપણ વિક્ષોભ ઊભો ન કરે.''

## શાંતિ એટલે નિષ્ક્રિયતા નહીં :

શાંત થઈ જવું એનો અર્થ એ નથી કે નિષ્ક્રિય બનીને બેસી રહેવું. કશું જ કરવું નહીં. એ તો જડતા છે. તમસ્ છે. અચેતના છે. શાંતિ એ નિષેધાત્મક નથી પણ વિધેયાત્મક છે. માણસ સઘળી પ્રવૃત્તિઓ કરતો હોવા છતાં પણ તે પોતે શાંત અને સ્થિર રહી શકે છે. શ્રી માતાજી કહે છે કે, ''હું જ્યારે શાંત બનવાનું કહું છું, ત્યારે મારા કહેવાનો ભાવાર્થ એ નથી કે જાઓ ઊંઘી જાઓ, જડ નિષ્ક્રિય બની જાઓ. કશું કરશો નહીં. ના બિલકુલ નહીં. સાચી શાંતિ એક મહાન શક્તિ છે. મહાન બળ છે. બળવાન અને શક્તિશાળી માણસો હંમેશા શાંત હોય છે. નિર્બળ લોકો જ વિક્ષુબ્ધ બની જતા હોય છે.

## શાંતિની આવશ્યકતા :

આધ્યાત્મિક જીવનમાં સાધનાને પરિણામે મનુષ્યમાં શક્તિઓનું અવતરણ થાય છે. તે સમયે શાંતિની અત્યંત આવશ્યકતા રહે છે. જો મનુષ્યનું બાહ્ય સ્વરૂપ નિર્બળ હોય તો આ શક્તિઓના અવતરણથી તે નિમ્ન બની જાય છે. જો તેનો પ્રાણ અશુદ્ધ હોય તો તે આવી શક્તિઓથી ચમત્કારો કરવા લાગે છે. આમ આનંદના અતિરેકમાં, શક્તિઓના પ્રદર્શનમાં, બીજાઓને બતાવી આપવાની વૃત્તિમાં માણસ બધું ગુમાવી બેસે છે. આથી જ્યારે શક્તિઓનું અવતરણ થાય ત્યારે માણસે શાંત અને સ્થિર રહીને એ શક્તિઓને પચાવવી જોઈએ. શ્રી માતાજી કહે છે કે ''ભાગવત્ ચેતનાના અવતરણનું દબાણ સહન

કરવા માટે તમારે બહુ જ મજબૂત અને શક્તિશાળી બનવું જોઈએ. નહીંતર તમારા ટૂકડા થઈ જશે. કેટલાક લોકો પૂછે છે કે ભગવાન હજુ કેમ આવતા નથી - કારણકે તમે તૈયાર નથી. એક નાનું સરખું બિંદુ આવી પડતાં તમે ગાવા-નાચવા કે કૂદવા મંડી પડો છો. જો એ સમગ્ર વસ્તુ આવી પડે તો તો શું નું શું થઈ જાય?

આથી જ માણસની અંદર એવી સ્થિરતા અને શાંતિ હોવા જોઈએ કે તેની અંદર ભાવની આખી સૃષ્ટિ ઊતરી આવે તો પણ તે જરાય ખળભળે નહીં. શાંતિની સાથે સાથે શુદ્ધિ હોય તો જ એ શક્ય બની શકે. શ્રી અરવિંદ કહે છે : ''બધા જ માટે શાંતિ ખાસ જરૂરી છે. શાંતિ અને વૃદ્ધિ પામતી શુદ્ધિ વગર વ્યક્તિ પ્રભુ પ્રત્યે ખુલ્લી થાય તો પણ ખુલ્લાપણા દ્વારા આવતી બધી જ વસ્તુઓને તે પૂર્ણપણે ગ્રહણ કરી શકે નહીં.''

સાધનાના પ્રારંભમાં મનુષ્યને જ્યારે દિવ્ય અનુભૂતિઓ થાય ત્યારે તેનો ઉત્સાહ અને આનંદ વધી જાય છે. પોતાની આ અનુભૂતિઓની વાત બીજાઓને કહેવા લાગે છે. અતિ ઉત્સાહમાં આ અનુભૂતિઓની વાત ગુરુ સિવાય કોઈને ય કહેવી ન જોઈએ. આ બાબતમાં ખૂબ શાંત અને સ્થિર રહેવું જોઈએ. શ્રી અરવિંદે આ વિષે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે ''ધ્યાન રાખો કે અતિઉત્સાહી ન બની જાઓ કારણકે તેમ કરવાથી સ્થિરતા અને શાંતિ વિચલિત બની જાય છે. પ્રથમ તો માણસે શાંતિ અને સ્થિરતાને ચેતનામાં ટકાવવાં જોઈએ અને પછી નક્કર પાયો ઘડાય છે. ''એક વખત આ પાયો દૃઢ થઈ જાય પછી બહારના પરિબળો ખળભળાવી શકતાં નથી.

## શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય?

શાંતિ મેળવવા માટે કોઈ શાંત સ્થળે ચાલ્યા જવું જરૂરી છે ? હિમાલયના ધવલ શિખરો પર પથરાયેલી સઘન શાંતિમાં આપણે જરૂર પરમ શાંતિનો અનુભવ કરી શકીએ. પણ જો ત્યાં ય મનમાં કોઈ ચિંતા હોય તો શાંતિ સ્થાયી બનતી નથી. શ્રી માતાજી કહે છે કે ''સાચી શાંતિ તમારા હૃદયમાં છે. જો તમે તમારાં હૃદયમાં શાંતિ અનુભવી શકતા નથી તો તમે હિમાલયમાં પણ શાંતિ મેળવી શકશો નહીં.'' સાચી શાંતિ એ બાહ્ય પરિબળો ઉપર આધારિત નથી. પણ એ મનુષ્યના અંતરમાં રહેલી છે. અંતરમાં રહેલી શાંતિને કેવી રીતે પ્રગટ કરવી?

### ૧ શાંતિની આવશ્યકતા જણાવી જોઈએ :

સહુ પ્રથમ તો મનુષ્યને જીવનમાં શાંતિની જરૂર લાગવી જોઈએ. જીવન

જેવું છે તેવું જ જો તમને સ્વીકાર્ય હોય તો પછી સ્થાયી શાંતિને મેળવી શકતા નથી. ઘણી વખત એવું પણ બને છે કે અશાંત અને વ્યગ્ર બનેલો મનુષ્ય અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં પોતાની જાતને વ્યસ્ત કરી દે છે. પછી તેની પરિસ્થિતિ બદલાઈ જતાં તે શાંત બની જાય છે અને માની લે છે કે તેને શાંતિ મળી ગઈ. પણ આ શાંતિ એ સાચી શાંતિ નથી. ફરી એવી પરિસ્થિતિ સર્જાતા પાછી અશાંતિ ખળભળાવી મૂકે છે. આવી અસ્થાયી શાંતિ સાધનામાં ઉપયોગી બનતી નથી. શ્રી અરવિંદ કહે છે : ''તમારી અંદર શાંતિનું અવતરણ થવું જોઈએ. તમારાં મન, પ્રાણ અને શરીરને એ શાંતિએ ભરી દેવાં જોઈએ. એ તમારી આસપાસ વીંટળાઈ રહેવી જોઈએ. કેમ કે શાંતિ એ તમારી અંદર પ્રભુની હાજરીની નિશાની છે. એક વખત તમારી અંદર એ સ્થાપિત થઈ જાય પછી બાકીની સઘળી વસ્તુઓ આવવાની શરૂઆત થાય છે.

### ૨ શાંતિ માટે અભીપ્સા કરવી જોઈએ :

શાંતિ મેળવવા માટે અંતરના ઊંડાણમાંથી તીવ્રપણે અભીપ્સા કરવી જોઈએ. શ્રી માતાજી કહે છે કે, '' જો તમે તમારા અંતરમાં શાંતિ માટે માંગણી કરશો તો તે જરૂર આવશે. એ શાંતિ તમારા સ્વરૂપના ઊંડાણમાં રહેલી છે. તે આખા સ્વરૂપમાં છેક સ્થૂલ શારીરિક ચેતના સુધી રહેલી છે. આવી શાંતિને અભીપ્સા દ્વારા આપણા સમસ્ત સ્વરૂપમાં સ્થાપી શકીએ છીએ. શાંતિને સ્થાપિત કરવા માટેનો સરળ ઉપાય બતાવતાં શ્રી માતાજી કહે છે કે જેમ તમે કોઈ મિત્રને બોલાવો તેમ તેને બોલાવવી જોઈએ. પછી તેને ધારણ કરીને ટકાવી રાખવી જોઈએ.

### ૩ મનને એકાગ્ર કરવું જોઈએ :

જેમ મન વધારે સક્રિય અને ગૂંચવાડાથી ભરેલું તેમ અશાંતિ વધુ. શ્રી માતાજી કહે છે, ''હંમેશા સ્થિર અને શાંત રહેવાનો પ્રયત્ન કરો.તમારા સ્વરૂપમાં વધુને વધુ શાંતિનું સ્થાપન થવા દો. મનને વધુ સક્રિય ન બનાવો. ગોટાળામાં જીવન ન જીવો. વસ્તુઓના બાહ્ય આભાસ પરથી નિર્ણયો બાંધવાના કૂદકા ન મારો. એકાગ્ર બનો.'' જો આપણે સભાન પણે આ રીતે મનને એકાગ્ર કરીએ તો અવશ્ય શાંતિની સ્થિતિ પ્રાપ્ત કરીએ છીએ.

આવી શાંતિમાં જે આનંદ મળે છે, તે આનંદ બહારનો કોઈપણ પદાર્થ આપી શકે તેના કરતાં અનેક ગણો વધારે આનંદ હોય છે. એ આનંદની તુલના જ બીજા કોઈ આનંદ સાથે થઈ શકે નહીં. આવી શાંતિથી શક્તિઓ પણ વધે છે. એ શક્તિઓનો સંચય થતાં સાધના પણ ઝડપી બને છે. દિવ્ય રૂપાંતરની પ્રક્રિયા શાંતિ

# ભગવતી આરાધના

## અધ્યાય - ૮

### દિવ્ય કર્મના કર્તા

(માં પેજ ૨૮-૩૫)

જો દિવ્ય-કર્મ કર્તા થવું, તો અહંમુક્ત ને અકામ,
બનવું એ શરત પ્રથમ ગણી, કહે શાસ્ત્ર વિધાન.
જીવન મહિં કર્મ તણી, એક આહૂતિ અપાય,
આવો વિશ્વયજ્ઞ ચાલતો, અખંડ આ જગ મ્હાંય.
કર્મ જ પ્રભુ સેવા ગણી, કે પ્રાર્થના તનની જાણ,
દિવ્યશક્તિને ધારણ કરે, એ સાર્થક જીવનજ્ઞાન.
દિવ્ય-ચેતના વિકસતા, સંકલ્પ એક બને,
જગમાત તણો ને આપણો, એ લક્ષણ એનું ગણે.
કર્મ-પ્રેરણા આ સંકલ્પે રહે, ને બને સક્રિય સદા,
માતજ કર્મ કરી રહી, એ ભાવ હૃદયે મુદ્રા.
ક્રિયાત્મક ઐક્ય બની રહે, માતની સાથ સદા,
એ સ્થિતિ અવિચળ બને, તો ટળે સર્વ વિપદા.
જ્યાં લગી એ ભાવ નહિ, ત્યાં લગી ગણો સદા,
શરીર દ્વારા આત્મા કરે, જગમાતની નિત-સેવા.
જો તે પણ અઘરું લાગતું, રહે કર્તાનો ભાવ,
તો જગમાત ચરણે સદા, કર્મ પુષ્પજ ધરતા જાવ.
પ્રકૃતિમાંથી કાઢતા રહો, પસંદ ના પસંદનો ભાવ,
ન અંગત લાભની કામના, ન ઐશ આરામનો દાવ.
ન કર્મફલની કામના, ન ઈનામ કે ઈજ્જત,
ફક્ત માત-પ્રસન્નતા અને કર્મસિદ્ધિની લિજ્જત.
સેવાનો આનંદ વહે, સ્વરૂપે ન તે સમાય,
આંતર-વિકાસનો વેગ વધે, કૃતાર્થતાનો ભાવ.
પણ એક પળ આવશે, જ્યારે ગાઢ સંબંધ,

માત અને આપણો બને, અતૂટ ને સઘન.
ક્ષણ માત્રની એકાગ્રતા, ભગવતી હાજર બને,
પ્રત્યક્ષ જીવને દોરતી, ક્ષણે ક્ષણે નિર્દેશન કરે.
પ્રેરણા પણ તે જ રહે, સકળ વસ્તુ પણ તે જ.
યશ-દાતા પણ તે જ છે, કર્મ પણ કરે તે જ,
મન, પ્રાણ, તન બને, કરણ પ્રસન્ન સચેત,
લીલા-સાધન બની રહે, આવિર્ભાવની નીકો તે જ.
આવી-સુખમય સ્થિતિ નહિ, જગમાં અન્ય રહી,
કારણ તે ક્ષેત્ર વટાવતી, ઘર્ષણ, કલેષની બધી.
સત્ય - જીવનમાં સ્થાપતી, જ્યાં શાંતિ આનંદના ઘાટ,
પણ દક્ષતા લેવી રહી, જાગેના અહં - ઉત્પાત.
ન દુરાગ્રહી બનો, ન માગણી વારંવાર,
ન સમર્પણ કે આ યજ્ઞમાં, મલિનતાનો ભાર.
ન અભિમાન ધારો, હું પ્રભુનું હથિયાર,
ન દિવ્ય-શક્તિને વાળતા, પોતાના સ્વાર્થને કાજ.
શ્રદ્ધા, અભીપ્સા, સચ્ચાઈને, અણીશુદ્ધિનો રાખો ભાવ,
મન, પ્રાણ તન મહિં, અણુરેણુએ તે લઈ જાવ.
તેથી ઉત્પાતો શમશે ઘણાં, પ્રકૃતિ બનશે મુક્ત,
જગમાત-એકરૂપતાને કરે, દૃઢ અને વળી શુદ્ધ.
ખરશે સાધન-ભાવ પણ, બનશો અંશ અભિવ્યક્ત,
ત્યારે કર્મ-સિદ્ધિ થશે, પૂર્ણ અને સશક્ત.
તમે જગમાતમય થશો, ક્રિયાકલાપ જગમાત,
શ્વાસે પ્રશ્વાસે માત રહે, એ અનુભવસિદ્ધિની વાત.
લીલા માટે વિલગ કર્યાં, પણ છો અભિન્ન-સાક્ષાત્,
તેની સત્તા ને ચેતના, આનંદ પણ તેનો થઈ જાત.
ત્યારે વિજ્ઞાનમય શક્તિઓ, પૂર્ણ સંચાલન કરે,
દિવ્ય-કર્મોને પ્રગટ કરે, જાણે શાશ્વત ને એ ધરે.
ઈશનું કિરણ બની રહો, ચેતન - સ્રોતની સાથ,
પ્રભુ-પોતે રમણ કરે, એ નિત-અનુભવની વાત. (પૂર્ણ)

# સહજ સત્સંગ

(૨૮-૪-૨૯)

માતાજી, બુદ્ધિનું ચોક્કસ કાર્ય શું છે ? તે સાધનામાં સાધક છે કે બાધક ?

સાધક પોતાની બુદ્ધિ કેવી રીતે વાપરે છે તેની ઉપર તેનો આધાર છે. તે સાચી અને ખોટી બન્ને પ્રકારની ગતિ પ્રવૃત્તિ ધારણ કરે છે.

માનવને સમજણ માટે અનેક કરણો, સાધનો આપેલાં છે. દરેકે પોતાનું નિશ્ચિત, કુદરતે નિર્માણ કરેલુંનિયત-કર્મ જ કરવું જરૂરી છે. તે મર્યાદામાં તે કામ કરશે તો તે સહાયક અને મદદરૂપ બને છે.

બુદ્ધિ એક એવું સાધન છે જે ઊર્ધ્વ ચેતનાને નિમ્ન-ચેતના સાથે જોડવાનું કામ કરે છે. ઊર્ધ્વ-ચેતનામાંના પ્રભુના સંકલ્પોને બુદ્ધિ પોતે સમજીને તેને અનુરૂપ કર્મ કરવાની વ્યવસ્થા કરે છે. આ જ તેનું સાચુ અને ઉપકારક કાર્ય છે. તેનાથી જુદુ પોતે જ નિર્ણાયક બની બેસે છે. ત્યારે તે વાસનાઓના, ગેરસમજોના, માન્યતાઓના પ્રભાવ નીચે હોવાથી ખોટું કાર્ય કરવા માંડે છે. તે સાધના માટે અપાયકારક છે.

માતાજી તો સાધના વિરોધી બળો જે અદશ્ય અજ્ઞાત પણ જીવંત હોય છે તેમનો સામાનો સાધકે કેવી રીતે કરવો ?

બેટા, આનો આધાર તમે ચેતનાના કયા સ્તરે જીવો છો તેની ઉપર આધાર રહે છે.

૧ જો તમે સામાન્ય - ચેતનામાં જ જીવતા હો અને ગૂઢ-વિદ્યાની જાણકારી પણ ન હોય તો શાંત રહેવું, અક્ષુબ્ધ રહેવું, સમતા જાળવવી આ એક જ માર્ગ ખૂલ્લો છે. વિરોધી સૂચનોનો અસ્વીકાર કરતા રહો, તમારી વિવેક-શક્તિ પુરતી ખીલી હશે તો તમને વિકારોનો તમારાં સ્વરૂપમાં થતો પ્રવેશ તરત જણાશે અને તમે તરત તેને બહાર ફેકી દેવા તત્પર થશો. પણ જો તે ખીલેલ ન હોય તો તે તમારી જાણ વગર તમારામાં પ્રવેશી જશે અને પગદંડો જમાવી મજબૂત થયા બાદ જ તમને તેમના પ્રવેશની જાણ થશે.

સમતા જાળવવા પ્રભુ મને મદદ કરી રહ્યાં જ છે, આવો દૃઢ વિશ્વાસ રાખો અને પ્રભુને મદદ કરવા પ્રાર્થના કરો. તમારી અભીપ્સા સાચી હશે તો તરત મદદ મળવાની શરૂઆત થઈ જશે.

વિરોધી-શક્તિઓના હુમલા અનિવાર્ય છે. તે આવશે જ કારણ સાધના માટે તે પણ ઘણા માટે જરૂરી હોય છે. પણ તેમાં સમતાથી અને પ્રભુ પ્રત્યેના અડગ

વિશ્વાસથી ટકી રહો. તેમાંથી પસાર થયા બાદ તમારી ચેતનામાં વિકાસ થએલો તમે જરૂર અનુભવશો. કારણ તેણે તમારા સંકલ્પને વધારે મજબૂત કરેલો હોય છે અને તમારી અભીપ્સાને વધારે શુદ્ધ અને જવલંત. વિરોધી-શક્તિઓના હુમલાને આમંત્રણ આપનાર આપણામાંના જ તત્વો હોય છે. આપણા કોઈક તત્વો અવચેતન અને અચેતનનાં પ્રભાવ નીચે આવી ગયેલાં હોય છે.

આપણી અભીપ્સામાંની શ્રદ્ધા વિશ્વાસની ખામી જ આપણને પરાજય આપે છે.

માતાજી, વિરોધી-શક્તિઓ અંદરથી આવે છે કે બહારથી ?

આપણી પ્રકૃતિની નબળાઈઓ બહારના સૂક્ષ્મ જગતોનાં તત્વો અને સત્વોને આમંત્રણ આપે છે. તેથી તે બહારથી આવેલાં છતાં અંદરથી આવતા દેખાય છે. અવચેતન અને અચેતન શક્તિઓનો પ્રવેશ અને પરિણામ સાધકની વિવેક-શક્તિને અંધ અને નિષ્પ્રભ કરી નાખે છે. જુઠાણું સત્યને સહજ લાગે છે જ્યારે સત્ય મનનાં ખોટા આદર્શો લાગવા માંડે છે, જે વ્યવહારુ નથી એમ જણાય છે. વિરોધી-શક્તિઓને સાધકે પારકી જ ગણવી જરૂરી છે. તેણે નિર્માણ કરેલા વિકારો મને જોઈતા નથી. એવો ભાવ જ તેમની અરધી તાકાત નષ્ટ કરી દેશે.

માતાજી, આપણી અંદર અને બહાર દર્શાવતી ભેદરેખા ક્યાં આવેલી છે ?

બેટા, ચેતનાના વિકાસના તબક્કાનુંસાર આ ભેદ-રેખા સંકુચિત ક્ષેત્રની કે વિશાળ-ક્ષેત્રની બને છે. પોતાને જગતના અંત સુધી વિસ્તરતી ચેતનાનું ક્ષેત્ર વિશાળ છે અને પોતાને શરીરમાનનારનું ક્ષેત્ર સંકુચિત છે. ભેદ-રેખા નષ્ટ કરવી એ જ સાધનાનો ઉદ્દેશ્ય છે.

માતાજી, ફક્ત શ્રદ્ધા વિજયી બને ?

હા, તે સમગ્ર હોય તો. ફક્ત માનસિક કે બૌદ્ધિક માન્યતા એ સમગ્ર શ્રદ્ધા નથી. પ્રાણ અને શરીર પણ તેમાં સહભાગી થાય તો જ તેની સમગ્રતા વધે છે. એમીલ કૂએ નામનો ડૉકટર શ્રદ્ધાના જોરે મોટામોટા રોગો મટાડતો. ચૈતસિક શ્રદ્ધામાં મન, પ્રાણ, શરીર જ્યારે ભળી જાય છે ત્યારે તે શ્રદ્ધા સર્વાંગપૂર્ણ બને છે. દા.ત. આજનું વિજ્ઞાન જણાવે છે કે મૃત્યુ ટાળી શકાય છે, પણ અધિકાંશ માનવો તેને અટળ માને છે. તેથી તેમને વૈજ્ઞાનિક સત્યમાં શ્રદ્ધા નથી. મૃત્યુ એ માનવોએ માન્ય રાખેલી માન્યતા માત્ર છે એ ભવિષ્યમાં પુરવાર થવાનું જ છે. માનવી-ચેતનાની આજની પરિવર્તન-અક્ષમતા જ મૃત્યુનું કારણ છે. તેને તે પશુઓએ વારસામાં આપેલ છે. જડતાનો પરિણામ જ મૃત્યુ છે.

આકારમાં પરિવર્તનની અપેક્ષા અને નિરાકારતા તરફ પ્રગતિની અપેક્ષા પુરી

ન થવાથી વર્તમાન આકારને ત્યાગવો એ જ મૃત્યુ છે.

માતાજી, એવી માન્યતા છે કે માનવ-જાતિના પાપોને કારણે ધરતીકંપ, વાવાઝોડાં, જળપ્રલયો, ભૂખંડોમાં વિનાશક ફેરફાર થઈ રહ્યાં છે. આ માન્યતામાં સત્ય કેટલું?

બેટા, તે એક જ કારણ નથી. ચેતનાનો વિકાસ ન કરવો એ જ પાપ છે. આને જ હું પરિવર્તન-અક્ષમતા કહું છું. વળી બીજી ભૂલ એ છે કે માનવના કર્મોનો પરિણામ પ્રકૃતિ ઉપર થઈ રહ્યો છે. એમ કહેવામાં માનવ વિરૂદ્ધ પ્રકૃતિ એવો ખ્યાલ હોય તો તે ખોટો છે.માનવ પ્રકૃતિનો જ ભાગ છે. બન્ને એક જ વસ્તુ છે. સાચી વાત એ છે કે આ બન્ને દ્વારા ત્રીજી જ ઊર્ધ્વ-ચેતના પ્રગટ થવા પ્રયત્ન કરી રહી છે પણ બન્નેની જડતા તેને આડે આવી રહી છે. આ જ સાચી સમજણ છે. તે મુજબ જ આપણે સામૂહિક પ્રયત્નો કરવા જરૂરી છે.

ચેતનાના ઉચ્ચ અને નિમ્ન સ્તરોમાં જોડાણ કરવું એ જ રૂપાંતરની સાચી ચાવી છે. આ જોડાણ જ ઊર્ધ્વ-ચેતનાના અવતરણને શક્ય બનાવશે. આ જોડાણ માટે નિમ્ન-ચેતનામાંથી અભીપ્સાના જોરે ઉપર ચડી ઊર્ધ્વ-ચેતનાને નીચે અવતરણ કરાવવું એ જ માર્ગ પ્રશસ્ત અને સાચો છે. મહાન આત્મા જ્યારે અહિં અવતરી આવો પ્રયત્ન કરે છે ત્યારે પૃથ્વી ઉપર આવા ઉત્પાતો થતાં કાયમ દેખાય છે. કારણ તે પૃથ્વીની જુની ટેવોનો પ્રત્યાઘાત અને વિરોધ હોય છે. પણ આ જ કાંઈ સંપૂર્ણ ઘટના હોતી નથી. આ સંઘર્ષના ઓઠા તળે ક્યાંક સંવાદમય જોડાણો પણ રચાય છે. જે ભાવી ઘટનાઓના પાયારૂપ બની જાય છે. દરેક સંસ્કૃતિએ આવું કાર્ય કરેલું જ છે.

આ ઘટનાઓ માનવી-દૃષ્ટિકોણથી મુલવવી એ ભૂલ છે. તે તો વૈશ્વિક ઘટનાઓ હોય છે. જગતનું અંતિમ રહસ્ય હજી માનવ-સમજણની બહાર જ છે.

માતાજી, પુનર્જન્મની સ્મૃતિ શું ખાસ ક્ષમતા છે?

ના, લગભગ દરેકની ચેતનાના ઊર્ધ્વ ભાગમાં આવી સ્મૃતિઓ હોય છે. ફક્ત તેની ચેતનાના સ્તરો વચ્ચે અવચેતનનો પટ્ટો આવી જવાથી તે બધા સ્તરો સ્વતંત્ર અને અસંબદ્ધ લાગે છે. પણ તે વાસ્તવિકતા નથી. પણ કોઈકની ચેતના જ્યારે આવી રીતે જોડાઈ જાય છે ત્યારે તેમાં પૂર્વજન્મની સ્મૃતિ પ્રગટ થવા માંડે છે.

પણ પૂર્વજન્મની સ્મૃતિને એક ચમત્કારિક સિદ્ધિ ગણવી એ તેને ખોટી મુલવવાની પદ્ધતિ છે. તે વિકાસનો એક તબક્કો માત્ર હોય છે. બીજું તેના અર્થ કાઢવામાં પ્રાણમય, મનોમય કલ્પનાઓ ભળી જવાથી તેનું સાચું સત્ય પ્રગટ થતું જ નથી. તમે જાણેલી સમજુતી ખોટી હોવાની શક્યતા વધી જાય છે.

ચૈતસિક જ્ઞાન જ સાચું હોય છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના એપ્રિલ ૨૦૦૯ના ઈ-મેગેઝીનમાંથી સાભાર)

કોઈકે પોતાની પેઢી અને નવી પેઢી વચ્ચેના તફાવત વિષે વાત કરી. તેની પત્નિ અને પોતે કૃષ્ણની રોજ ભક્તિ કરે છે વિવિધ દેવતાઓની પણ તેમનાં વડીલો જેવી જ પ્રાર્થના કરે છે. જ્યારે તેમનો દિકરો ન્યુયોર્કમાં જઈ હોલીવુડ - ફીલ્મમાં દેખાતા જીવન જેવું વૈભવશાળી જીવન જીવવા માગે છે. ધર્મભીરૂ અને ધર્મપ્રેમી વ્યક્તિઓની જેમ તે કોઈ પણ દેવિ-દેવતાને પ્રાર્થના કરતો નથી. આ વાત પોતાના ત્રીસવર્ષના પુત્રની છે, કોઈ ઉગતા યુવાનિયાની નથી. એ વાત જ તે ભાઈને ડરાવે છે. શું પોતાના કુટુંબના ભવ્ય ઈતિહાસ અને પરંપરાઓનું આ પરિણામ ? તેના મતે ટેલીવિઝનનો આ સીધેસીધો પરિણામ છે. વૈશ્વિકરણ તેના મતે ગાળ જેવું છે, કારણ તેનો અર્થ અંધાધૂંધી, પતન. અંગ્રેજીએ ભારતીયોનો સત્યાનાશ વાળ્યો છે અને બોલીવુડ ફીલ્મમાંનાં અભારતીય વિચારો, ભારતભૂમિ ઉપર ઉતરી પડેલાં અસત્યને પ્રોત્સાહન આપી રહ્યાં છે.

આપણા પોતાના ઘરમાં થતા આવા ઉત્પાતો લોકો સહન કરી શકતાં નથી. વૈશ્વિકરણના દુષ્પરિણામો જરૂર છે. પાશ્ચિમાત્ય સંસ્કૃતિ ઘણાને આકરી લાગે છે. અંગ્રેજી ભાષાએ આપણાં મુળીયા જાણે ઉખેડી નાખ્યા છે. બોલીવુડમાંથી સારા બોધપાઠ મળવાની શક્યતા પણ ઓછી છે. આથી લોકો મુંઝાઈ ગયા છે. પણ આ બધાનું કાંઈક તો કારણ હશે જ ને ! એક વસ્તુ સાચી કે દિવ્યતા કાંઈ વારસાગત હોતી નથી. પછી ભલે આપણા વંશમાં સંતો પાક્યા હોય અને માતાપિતા ધાર્મિક હોય અથવા ઘરનું વાતાવરણ આધ્યાત્મિક હોય ! પ્રભુ વારસામાં મળતા નથી. તે ડી એન એ માં કેદ નથી. તે તો પોતાના ભક્તનાં આત્માની બારી ક્યારે ખોલવી તે જાણે છે. તે જ નક્કી કરે છે, ક્યારે તેનો સ્વીકાર કરવો. સત્ય ક્યા પ્રસંગે પ્રગટ થશે તે કાંઈ જાણી શકતું નથી.

(વૈશ્વિક એકતા અને સમરસતા દ્વારા જ વૈશ્વિક-ઉત્ક્રાંતિ આગળ વધવાની છે. તેથી ભાગલાવાદી બધા જ પરિબળો, પછી ભલે તે ધર્મ હોય કે સંસ્કૃતિ, તે ભાંગી નાખવામાં જ આવશે. સાચા સત્યને સાચી અધ્યાત્મિકતાને, ધર્મમાં પુરી રાખવાનાં દિવસો ગયા. અધ્યાત્મ નવું ક્લેવર ધારણ કરવા માંગે છે, જે વિશ્વમાન્ય હોય. સર્વમાન્ય હોય. - તંત્રી)

# ગીતામૃતમ્

## કર્મનું રહસ્ય

પ્રકરણ - ૩

(ગીતા નિબંધો ભા.-૧, પ્ર-૧૧ ઉપર આધારિત)

આપણે જે કર્મો કરીએ છીએ તે કર્મો પોતે વિચાર કરીને, નિર્ણય લઈને, સ્વતંત્રતાપૂર્વક, સ્વેચ્છાથી કર્તાભાવ તરીકે પૂર્ણ સભાન રીતે કરીએ છીએ. મેં આ કર્મ કર્યું છે એવું માનીએ છીએ. આને જ અહંકાર જન્ય કર્મ કહેવાય છે. આ સામાન્ય માણસનું સામાન્ય કર્મ હોય છે.

પણ આથી વધારે શ્રેષ્ઠ એવું કર્મ છે તેમાં પ્રભુ મને કર્મ કરવાની પ્રેરણા આપે છે, હું તો નિમિત્ત માત્ર છું, આવો ભાવ ધારણ કરવો તેને બૌદ્ધિકનિષ્ઠા સાથે કરેલું કર્મ કહેવાય છે. તેને ગીતા 'બુદ્ધિયોગ' કહે છે. યોગમાં સ્થિર થએલી બુદ્ધિ કહે છે. આવું કર્મ વધારે શ્રેષ્ઠ છે એવું ગીતા જણાવે છે (દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાત્)

આ બુદ્ધિયોગનું આંતરિક-સ્વરૂપ સમજાવતા શ્રી અરવિંદ જણાવે છે કે પોતે એક અસીમ, નિરાકાર, નિષ્ક્રિય ચેતના છે અને તે સ્થિરતામાં રહી મન, પ્રાણ, શરીર દ્વારા થતાં કાર્યો પોતે એક દૃષ્ટા તરીકે નિહાળી રહ્યો છે, એવો ભાવ યોગી અનુભવે છે. પોતે કર્મ કરતો નથી એવો સતત ભાવ અનુભવાય છે આને નૈષ્કર્મ્ય સિદ્ધિ કહે છે. સિદ્ધિ એટલે કર્મદ્વારા જીવનનો મૂળહેતુ સાધ્ય કરવો.

કર્મ વગર માણસ રહી જ શકતો નથી. કારણ પ્રભુ તો ચોવીસે કલાક પોતાના સંકલ્પને આપણી બધાની દ્વારા સિદ્ધ કરવા મથી રહ્યાં છે. શ્વાસ લેવો એ પણ કર્મ જ છે. એક વૈશ્વિક-શક્તિ આપણા બધા દ્વારા કાર્ય કરી રહી છે. તાંત્રિકોએ આ સત્યને જ મહત્વ આપ્યું છે. તેથી ગીતા જણાવે છે કે કર્મ વગર રહેવાનો પ્રયત્ન કરતાં કર્મ કરતાં રહેવું મહત્વનું છે (કર્મ જયાયો અકર્મણઃ)

હવે ગીતા જણાવે છે કે કયા કર્મો યોગીએ કરવા જોઈએ, કઈ રીતે કરવા તે તો ઉપર જણાવ્યું જ છે. નૈષ્કર્મ્યભાવે કર્મ કરવાનાં છે. આપણા કર્મોનું સ્વરૂપ આપણી પ્રકૃતિનાં સ્વભાવ અનુસાર રચાય છે. ગત જન્મોના સંસ્કારોને કારણે અને આ જન્મની સાધનાને કારણે હાલમાં પ્રકૃતિની જે સ્થિતિ, અવસ્થા અથવા

સ્વરૂપ રચાયું તે આપણા કર્મોનું બાહ્ય સ્વરૂપ રચે છે.  આંતર સ્વરૂપ કેવી રીતે નિર્માણ થાય છે, તે હવે પછી જણાવશે. આપણી પ્રકૃતિનાં ત્રિગુણોનું જોર આપણા પાછલા જન્મોના સંસ્કારો ઉપરથી નક્કી થાય છે. ત્રણે ગુણો એટલે સત્વ, રજસ અને તમો ગુણ. સત્વ ગુણ આપણો મૂળ સ્વભાવ દર્શાવે છે. રજોગુણ તે સ્વભાવને પ્રગટ કરવાની પદ્ધતિ (mode of expression) નક્કી કરે છે. જ્યારે તમોગુણ આ પદ્ધતિમાં આવતા અવરોધો સ્વરૂપ આપણી પ્રકૃતિમાંના સંસ્કારો સૂચવે છે. આપણી પ્રકૃતિમાં વિસંવાદી સંસ્કારો હોય છે. તેમાંના અવરોધક સંસ્કારો એ તમોગુણ છે.

આવી રીતે આપણા કર્મો આપણી પ્રકૃતિનાં સ્વભાવાનુસાર ઘાટ લે છે. એમ કહી શકાય (સ્વભાવ નિયતં કર્મ)

આપણી પ્રકૃતિને કારણે કર્મોનો કેવો ઘાટ રચાય છે તે ઉપર જણાવ્યું છે પણ આપણા સ્વરૂપમાં પ્રકૃતિ ઉપરાંત પુરૂષ તત્વ પણ છે. આ પુરૂષે પ્રભુના આપણી બાબતનાં સંકલ્પાનુસાર જે વિકાસ સાધીને સ્થાયીરૂપ રચ્યું હોય છે તેને ચૈત્યપુરૂષ કહેવાય છે. આ ચૈત્યપુરૂષે આ વર્તમાન જન્મ લેતા પહેલા ગતજન્મનાં મૃત્યુ પ્રસંગે, આવતા જન્મે કેવા પ્રકારની પ્રગતિ કરવી છે, તેનો નિર્ણય લીધેલો હોય છે. પછી જ્યારે ચૈત્ય લોકમાં આરામની સ્થિતિમાં હોય છે ત્યારે તે તે પોતાના સંકલ્પને અનુસાર પોતાના જન્મનાં સંસ્કારોમાંથી તેને વિકસાવવા માટેનાં અનુકૂળ સંસ્કારો તારવે છે. તેમજ તેના માટેના પ્રતિકૂળ સંસ્કારો પણ તારવી રાખે છે. અનુકૂળ સંસ્કારો નો ઉપયોગ તે સંકલ્પાનુસાર નવ રચના કરવા માટે વપરાય છે. જ્યારે પ્રતિકુળ સંસ્કારોનો ઉપયોગ તે નવ-રચનાને ચકાસવા માટે વપરાય છે. આ બન્ને સંસ્કારોને કારણે તે એક વધારે નિર્દોષ, મજબૂત રચના કરી શકે છે. આવા ચુંટેલા સંસ્કારો જ નવા જન્મનાં પ્રારબ્ધ કર્મો બનતાં હોય છે. પછી નવા જન્મમાંના પોતાના ધ્યેય માટે જરૂરી પ્રસંગો ગોઠવી જે તે પ્રસંગે સક્રિય થતા સંસ્કારોના સમૂહો રચવામાં આવે છે. જેને શાસ્ત્રો ક્રિયમાણ કર્મ કહે છે ક્રિયમાણકર્મ એટલે ફળ આપવા સક્રિય બનેલાં કર્મો. પ્રારબ્ધ કર્મ એટલે આ જન્મે જ પણ ભવિષ્યમાં ક્રિયમાણ થનારાં કર્મો અને સંચિત કર્મો એટલે આ જન્મે જેમનો ઉપયોગ કરવામાં આવવાનો નથી તેવા કર્મો.

આવી રીતે ચૈત્યપુરૂષે આ જન્મે જે લક્ષ્ય રાખેલું હોય છે તે લક્ષ્ય પણ આ જન્મના બધા કર્મોને ઘાટ આપતું હોય છે અને આ લક્ષ્ય આ જન્મનાં આયોજન સાથે જ નિર્માણ થએલ હોવાથી તેને સહજ કર્મ કહે છે. સહજ નો અર્થ natural

કે સ્વાભાવિક કર્મ એવો નથી પણ આપણા જન્મના આયોજન સાથે જ જન્મેલું કર્મ (સહ+જં=સાથે જન્મેલું) એવો છે.

આનો અર્થ એમ થયો કે આપણા કર્મો બે રીતે ઘાટ ધારણ કરે છે. પ્રકૃતિના સ્વભાવ મુજબ અને ચૈત્યપુરૂષનાં સંકલ્પ મુજબ. પ્રથમ કર્મનું બાહ્ય સ્વરૂપ રચે છે. બીજું અંતરંગ સ્વરૂપ. આવી રીતે 'સ્વભાવજં કર્મ' અને 'સહજં કર્મ' આ બે એકજ ઘટનાનાં બે પાસા છે એ જણાશે.

આવી રીતે કર્મનું બાહ્ય અને આંતરિક સ્વરૂપ કેવી રીતે ઘડાય છે અને તે કર્મ કેવી રીતે કરવું (નૈષ્કર્મ્ય ભાવે) તે જાણ્યા પછી હવે ગીતા આ બન્નેના મૂળમાં રહેલ સત્ય બાબત આપણને જણાવે છે.

પ્રભુનો અનંતરૂપે પ્રગટ થવાનો જે સંકલ્પ છે તેને કારણે જે પ્રક્રિયા શરૂ થઈ તેથી જ આ બ્રહ્માંડ સર્જાયુ છે આ બ્રહ્માંડ તે સંકલ્પને પોતાની દ્વારા સિદ્ધ કરવા જ ગતિ કરી રહ્યું છે. વિકાસ સાધી રહ્યું છે. આ વિકાસની પ્રક્રિયાને જ આપણે બરાબર સમજી લઈએ તો આપણા કર્મનો સાચો હેતુ આપણને સમજાશે. આ પ્રક્રિયાની વૈશ્વિક કક્ષાની અને આપણા વ્યક્તિગત કક્ષાની સમજણને ગીતા જ્ઞાન કહે છે. કર્મોનો ઉદ્દેશ આ જ છે કે આપણે આ વિશ્વવ્યાપી ચાલી રહેલ પ્રક્રિયાને જાણીએ, સમજીએ અને તેમાં સહભાગી થઈએ. તેથી ગીતા જણાવે છે કે 'સર્વ કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે.' અર્થાત કર્મોની સાર્થકતા આવા મૂળભૂત જ્ઞાનને પ્રાપ્ત કરવામાં જ છે.

## વૈરાગ : પ્રભુની સમૃદ્ધિની છાલક

વૈરાગ ઉત્પન્ન થાય ત્યારે જ ભક્તિનો સાચો રંગ ચડે. આ વૈરાગ એટલે માત્ર શુષ્ક વૈરાગ નહિ પણ પરમાત્માની અમૂલ્ય પ્રસાદીની બરોબરમાં દુન્યવી તમામ વસ્તુઓ મોજશોખ અને જરૂરિયાતો ફિક્કી લાગવા મંડે છે. પરમાત્માના નામમાં એટલી જબરજસ્ત તાકાત હોય છે કે સમ્રાટની સમૃદ્ધિ પણ તેની પાસે ફિક્કી લાગે. વૈરાગ - ઈશ્વરની અપાર સમૃદ્ધિની છાલકમાં નવડાવી શકે છે. **-ભૂપેન્દ્ર ત્રિવેદી**

# વેદ - વિજ્ઞાન

## વૈદિક સૂક્તો

પ્રકરણ - ૩ (ચાલુ)

## વૈદિક-દેવિ સૂક્ત

**અહમેવ સ્વયમિદં વદામિ જુષ્ટં દેવેભિરુત માનુષેભિઃ । યં કામયે તં તમુગ્રં કૃણોમિ તં બ્રહ્માણં તમૃષિં તં સુમેધામ્ ।।૫।।**

હુ આ આંભૃણ ઋષિની કન્યા વાક્ તરીકે નહિ પણ પ્રત્યક્ષ આદ્યાશક્તિ તરીકે જ (અહમેવ સ્વયં) આ વાત કરી રહી છું (ઈદં વદામિ) કારણ આ વૈશ્વિક શક્તિઓ સ્વરૂપ દેવોને માટે (દેવેભિઃ) તેમજ સ્થૂળ દેહધારી માનવો માટે (રુત માનુષેભિઃ) બન્ને માટે હિતકારી છે. શ્રેયસ માર્ગે લઈ જનારી છે (જુષ્ટમ્) જે યોગી ઉપર મુજબની ભાવના કરશે અર્થાત પોતે જ સર્વ દેવો સ્વરૂપ બ્રહ્મતત્વ છે એવુ ચિંતન કરશે (યં કામયે) તેની તે ભાવનાને હુ જગન્માતા તરીકે વધારે ને વધારે દૃઢ અને તીવ્ર કરતી જઈશ (તં ઉગ્રં કરોમિ) તેને તેની ભાવનાની શુદ્ધતા, સાતત્ય અને તીવ્રતા અનુસાર બ્રહ્મત્વ (બ્રહ્મણં) બ્રહ્મતત્વના સંકલ્પને અને તેના વિકાસ પ્રક્રિયાના જાણકાર ઋષિ (તમૃષિં) અથવા જેની પ્રજ્ઞા દિવ્ય સત્યોને ધારણ કરવામાં સફળ થઈ છે તેવા મેધાવિ (તં સુમેધામ્) કરું છું.

**અહં રૂદ્રાય ધનુરાતનોમિ બ્રહ્મદ્વિષે શરવે હન્તવા ઉઅહં જનાય સમદં કૃણોમિ અહં દ્યાવા પૃથિવી આવિવેશ ।। ૬।।**

દિવ્ય-ચેતનાના આવિર્ભાવમાં અવરોધ કરતા સત્વો (બ્રહ્મદ્વિષે) પ્રત્યે હુ (અહં) રૂદ્રોને બાણ ચડાવી નાશ કરવાનો આદેશ આપું છું (રૂદ્રાય ધનુરાતનોમિ) તેમની વિનાશક શક્તિથી (શરવે) તેમનો નાશ કરું છું. (હન્તવા ઉ) તો બીજી બાજુ સાધકના પ્રભામંડળમાં તથા પાર્થિવ શરીરમાં (દ્યાવાંપૃથિવી) અવતરણ કરું છું (આ વિવેશ) અને તેનાં આત્મવિશ્વાસ અને શ્રદ્ધામાં જોમ પુરૂ છું (સમદં કૃણોમિ)

**અહં સુવે પિતરસ્ય મૂર્ધન્ મમ યોનિરપ્સવંતઃ સમુદ્રે । તતો વિ તિષ્ઠે ભુવનાનુ વિશ્વતામૂદ્યાં વર્ષ્મણોપસ્મૃશાંમિ ।।૭।।**

હુંજ (અહં) સાધકના ચૈત્યપુરૂષ અર્થાત ક્ષરપુરૂષના પિતા સમાન અક્ષરપુરૂષ (પિતરસ્ય) જે મસ્તકના ભ્રુમધ્યમાં રહે છે તેની પણ ઉપર (મૂર્ધન) જ્યાં પાણી જેવી નિરાકાર (અપ્સવંતઃ) અસીમ (સમુદ્રે) ચેતના છે ત્યાં મારું વિશ્વ-સર્જનનું કેન્દ્ર છે (મમયોનિઃ) ત્યાંથી હું વિશ્વને જન્મ આપું છું (સુવે) ત્યાં સ્થિર રહીને (તતો વિ તિષ્ઠે) હુ સાધકના ત્રણે શરીરરૂપી ત્રિભુવનમાં (ભુવનાનિ) ફેલાઉં છુ (વિશ્વતામ્) તેમજ (ઉં) તે અસીમ પ્રકાશમય પ્રદેશમાંથી (દ્યાં) મારી દિવ્ય-શક્તિઓની વર્ષા કરી (વર્ષ્મણા) ત્રણે શરીરને સ્પર્શ કરું છું (ઉપ સ્પૃશામિ)

**અહમેવ વાત ઈવપ્રવામ્યારભમાણા ભુવનાનિ વિશ્વા। પરો દિવા પર એના પૃથિવ્યૈતાવતી મહિના સંબભૂવ ॥૮॥**

સાધકની ચેતના ઊર્ધ્વ-પ્રદેશમાં સ્થિર થતાં જ હું જ (અહમેવ) પવનની જેમ (વાત ઈવ) નીચે વહીને (પ્રવામ્યા) ત્રણે શરીરરૂપી ત્રિભુવનનો (ભુવનાનિ) ઠેઠ ભૌતિક શરીર સુધી (વિશ્વા) પહોંચી દિવ્ય-શરીર રચનાની શરૂઆત કરું છું (આરભમાણા) તેમજ આ ભૌતિક શરીરની ઉપરની (પર એના પૃથિયા) તેમજ કારણ શરીરની પણ ઉપરની (પરો દિવા) એવી મહાન શક્તિમાં (એતાવતી મહિના) પણ સક્રિય થાઉં છું (સંબભૂવ) - (પૂર્ણ)

---

(પાના નં.૪૮નું આગળ) **અતિમનસ - સાધના**

૮ અવરોધોનો આપણી ચેતના ઉપર પરિણામ ન થવા દેવો, તેના કારણો ત્યાગવા, આને **'પરિત્યાગ'** કહે છે.

આપણે અતિમનસ-શક્તિનું અવતરણ પ્રભુના સાક્ષાત્કાર માટે અને તેના આવિર્ભાવ માટે માગીએ છીએ. તેના પોતાના માટે નહિ. અતિમનસ શક્તિ પ્રજ્ઞા-શક્તિ સ્વરૂપ છે. તે પ્રભુની જ્ઞાન-શક્તિ છે. તેની દ્વારા જ પ્રભુ વિશ્વ સ્વરૂપ બની શક્યાં છે, વિશ્વનું સંચાલન કરે છે અને વિશ્વનો વિકાસ કરી સભાનરીતે પોતાની સાથે એકરૂપતા અનુભવવા સક્ષમ કરે છે.

જ્યારે વિશ્વ પ્રભુ સાથે આ રીતે એકરૂપતા પોતે જ અનુભવશે, ત્યારે જ પ્રભુનું અનંતરૂપે પ્રગટ થવાનું કાર્ય થયું ગણાશે.

# ઉપનિષદોનું અમૃત

પ્રકરણ - ૫

## છાંદોગ્યોપનિષદની સોહં - વિદ્યા

(૪/૧૧.૧૫)

સત્યકામ જાબાલે પોતાનો આશ્રમ સ્થાપેલો. તેઓ પોતાના આશ્રમના બ્રહ્મચારીઓને સોહંવિદ્યા મુક્ત હસ્તે શિખવતા.ઉપકોશલ દેશનો કામલાયન પણ તેમના આશ્રમનો બ્રહ્મચારી હતો.

દર વર્ષે બ્રહ્મચર્યાશ્રમ પુરો કરનારા બ્રમચારીનો સ્વગૃહે જઈ ગૃહસ્થાશ્રમ સ્વીકારવાનો અને વિદ્યાભ્યાસ પૂર્ણ થવાનો સમાવર્તન - સંસ્કાર થતો. આ વર્ષે કામલાયનના સમૂહનો સમાવર્તન સંસ્કાર થવાનો હતો. આજે તે સંસ્કાર થયો. ગુરૂ સત્યકામ જાબાલે અંતિમ ઉપદેશ આપ્યો. પણ તેમાં કામલાયનને સહભાગી થઈ સ્વગૃહે જવાની સંમતિ ન મળી.

બધાને આશ્ચર્ય થયું કારણ કામલાયને સાચા દિલથી અને સંનિષ્ઠાથી ગુરૂને સેવ્યા હતાં. વિદ્યાભ્યાસ કર્યો હતો. બાર વર્ષ અખંડ ગુરૂના ઘરના ગાર્હપત્ય અગ્નિને ચેતવતો રાખ્યો હતો.

એકાંત મળતાં ગુરૂપત્નિએ સત્યકામ-જાબાલને કહ્યું, ''આપે આ યોગ્ય નથી કર્યું.''

સત્યકામ મૌન રહ્યાં. કામલાયને વિદ્યાઓ પ્રાપ્ત કરી નહોતી એવું નહોતું પણ તેની યોગ્યતા તેથી પણ વધારે વિદ્યા મેળવવાની હતી અને સત્યકામ તે મેળવીને જ જાય એવું તેઓ ઈચ્છતા હતા. તેઓ જવાબ આપ્યા વગર બહારગામ જતા રહ્યા.

કામલાયનને ખૂબજ દુઃખ થયું હતું. તે પોતાની ત્રુટીઓ શોધી શોધીને પસ્તાતો હતો. તેને એવું લાગ્યું જ નહિ કે ગુરૂએ તેની ઉપર અન્યાય કર્યો છે. તેણે કઠોર તપ કરવા અપવાસ શરૂ કર્યા. ગુરૂમાતા આથી દુઃખી થઈ ગયા. પણ કરે પણ શું ? અગ્નિ-દેવ આ બધું જોઈ રહ્યાં હતાં. તેમને તેની ઉપર દયા આવી અને તેમણે પ્રગટ થઈ વધારાની વિદ્યા ભણાવી.

અગ્નિ એટલે વ્યક્તિની પોતાના ચિત્તદ્વારા પ્રગટ થતો આત્મા - ચૈત્યપુરૂષ.

તે બોલ્યો, ''કામલાયન તે મને ઓળખ્યો?''

''હા દેવ, આપ મારા ચૈત્યપુરૂષ સ્વરૂપ આત્મા છો. હું બાહ્ય ભૌતિક અગ્નિની સેવા કરૂં છું. ત્યારે તેને આપના પ્રતીક તરીકે જ માનું છું. હવનકુંડ એ મારું ચિત્ત છે તેના ત્રણ કાંગરા એ મારાં ત્રણ શરીર છે. ભૌતિક, સૂક્ષ્મ અને કારણ શરીર, ત્રણેમાં પ્રકાશતી ચેતના એ જ ત્રિણાચિકેત અગ્નિ છે (ત્રણ ધુમાડા વગરના અગ્નિ) હું તેમની જ સેવા કરૂં છું.

''બરાબર વત્સ. આ પ્રાણ-અગ્નિ એ જ બ્રહ્મ છે તેથી તારે સોહં - ઉપાસના કરવી જોઈએ. અમારો ત્રણે અગ્નિનો આ સામૂહિક ઉપદેશ છે.

''પ્રભુ, હું તેવી જ ઉપાસના કરું છું''

''તો પછી બ્રહ્મના આગળનાં સ્વરૂપો પણ જાણી લે. તે તારે જાણવા બાકી છે.'' હે વત્સ 'કં' બ્રહ્મ છે. 'ખં' બ્રહ્મ છે.''

''ભગવન્, પણ કં એટલે શું? ખં એટલે શું?''

''વત્સ, જે કં છે તે જ ખં છે જે ખં છે તે જ કં છે. બન્ને એક જ છે.

''ભગવન્, હજી સમજ્યો નહિ.''

''વત્સ, ખં એટલે આકાશ. આકાશવત્ અસીમતાનું ધ્યાન કરતાં કરતાં જ આત્માનું આનંદમય સ્વરૂપ પ્રગટ થાય છે. તેથી તું પોતાના આત્માને અસીમ સમજીને ઉપાસીશ તો જ તારો આનંદમય કોષ જાગૃત થઈ સક્રિય બનશે. વેદો પણ વત્સ જણાવે છે કે ''ભુમા વૈ સુખમ્'' અસીમતા ધારણ કરવાથી જ આનંદમય આત્મા પ્રગટ થાય છે. તેથી વત્સ ખં મેળવીશ તો કં પ્રાપ્ત થશે. અને કં મેળવીશ તો ખં પ્રાપ્ત થશે. બન્ને એક જ સિક્કાની બે બાજુ છે એટલે આનંદમય કોષ જે 'ક' છે.'' જેમ બારાખડીનો પ્રથમ વ્યંજન 'ક' છે તેમ પંચકોષનો પ્રથમ કોષ આનંદમય કોષ છે.

કામલાયને પોતાની વધારે ઉચ્ચ-સાધના શરૂ કરી. અંતે તેને કં અને ખં બ્રહ્મનો સાક્ષાત્કાર થવા લાગ્યો.

આર્ય કુટુંબમાં ત્રણ અગ્નિ રહેતા. ઘરમાં જે અગ્નિ સતત જલતો રખાતો તેને ગાર્હપત્ય અગ્નિ કહેતા. ગાર્હપત્ય એટલે ગૃહપતિનો અનુભવ આવ્યો. તેમાંથી રોજ થોડો અગ્નિ જુદો કરી તેનો ઉપયોગ રસોઈ કરવા વપરાતો તેને પચનાગ્નિ કહેતા. તેને રોજ કઢાતો હોવાથી તેને 'અન્વહાર્ય' (રોજે રોજ કઢાતો) અગ્નિ પણ કહેવાતો. ત્રીજો અગ્નિ વૈશ્વદેવ યજ્ઞ કરવા માટે જુદો કઢાતો. તેમાં પછી

અગ્નિદેવનું મંત્ર દ્વારા આવાહન કરાવાતું તેથી તેને આવહનીય અગ્નિ કહેતા. કામલાયનને આંતર પ્રકાશનો અનુભવ આવ્યો.

સાકને આવતા આંતર પ્રકાશના અનુભવમાં આ ત્રણે અગ્નિ એકરૂપ હોય છે. આ ત્રણે અગ્નિએ મળીને જ ઉપરનો ઉપદેશ કામલાયનને આપેલો.

કામલાયન આનંદમય પુરૂષ બની ગયો હતો. તેથી આ ત્રણે અગ્નિ ફરી તેની સામે વારાફરતી પ્રગટ થયા અને સોહં વિદ્યાનો આગળનો ભાગ તેને શિખવ્યો.

ગાર્હપત્ય અગ્નિ બોલ્યા, ''વત્સ, આ ભૌતિક જગતમાં આ જડ ભૌતિકતત્વ સ્વરૂપ પૃથ્વી, અન્ન સ્વરૂપ જીવંત શારીરિક તત્વ (કારણ તે અન્નથી પોષાય છે) તેમાં રહેલ ચેતના સ્વરૂપ અગ્નિ અર્થાત પ્રાણશક્તિ અને હૃદય ગુફામાં રહેલ જીવાત્મા સ્વરૂપ આદિત્ય આ ચારે ભૌતિક જગતને લગતાં તત્વો બ્રહ્મ સ્વરૂપ જ છે. આ ભૌતિક શરીર સાથે સમગ્ર ભૌતિક જગત થીજી ગએલ ઘનીભૂત બ્રહ્મ તત્વ જ છે એમ સમજી ઉપાસના કરજે. તેમની દ્વારા બ્રહ્મ જ પ્રગટ થઈ રહ્યું છે.''

પચનાગ્નિ બોલ્યાં, '' વત્સ, આ સૂક્ષ્મ શરીરમાં રહેલ મનરૂપી ચંદ્રમા, નક્ષત્રરૂપી અવિચળ બુદ્ધિ, જળરૂપી ચંચળ ચિત્ત, અને અહંકારની મહત્વાકાંક્ષા રૂપી દિશા આ ચારે તત્વો સૂક્ષ્મ શરીરના અંતકરણના પાસા છે જે જ્ઞાનાર્જનમાં વપરાય છે. તેથી સમગ્ર સૂક્ષ્મ લોકો સ્વરૂપ બ્રહ્મ તત્વને તું તેમાં ક્રિડા કરતું પ્રગટ થતું ઉપાસજે.''

આહવનીય અગ્નિ બોલ્યા ''કારણ શરીરને લગતી દિવ્ય-શક્તિઓ (પ્રાણ) વિશાલતા સ્વરૂપ આકાશ, દિવ્ય પ્રકાશ સ્વરૂપ દ્યુલોક અને પ્રજ્ઞાશક્તિ સ્વરૂપ વિદ્યુત આ ચારે સ્વરૂપે રહેલ દિવ્ય-લોકો સ્વરૂપ બ્રહ્મની ઉપાસના કરજે. કારણ તેમની મારફત બ્રહ્મ તત્વ જ પ્રગટ થઈ રહ્યું છે.''

સારાંશ સ્થૂળ શરીર, સૂક્ષ્મશરીર અને કારણ શરીર ત્રણે મારફત જે ચેતનારૂપી અગ્નિ જે જે સ્વરૂપે પ્રગટ થઈ રહ્યો છે તે બ્રહ્મ જ છે એમ સમજી તેની ઉપાસના કરજે. આગળ તને તારા ગુરૂ જણાવશે.''

ત્રણે અગ્નિ અલોપ થઈ ગયાં અને કામલાયન પોતાની નવી સાધનામાં પરોવાઈ ગયો. તેને તે મુજબનો અનુભવ આવવા લાગ્યો.

ગુરૂદેવ સત્યકામ જાબાલ બહાર ગામથી પાછા ફર્યા. કામલાયનનો તેજસ્વી ચેહરો જોઈ બોલ્યાં,''વત્સ તારું મુખ તો બ્રહ્મ તેજથી ઝળહળી રહ્યું છે. તને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કોણે આપ્યો?

કામલાયને બધી વિગતો જણાવી પોતે શું અનુભવ્યું તે જણાવ્યું.

સારું, ઉપકોશલ, તને અગ્નિ દેવતાઓએ ત્રિ-અગ્નિ અને તેના ત્રણ શરીરો રૂપી ત્રિલોકનું જ્ઞાન આપ્યું છે. હવે હું તને તેથી આગળનું વિજ્ઞાન જણાવું છું. તે જાણીને તું સર્વ પાપોથી મુક્ત થઈ જઈશ. તું બ્રહ્મ સ્વરૂપ બની રહીશ. સાંભળ, આંખમાં જે ચેતના દેખાય છે, અહંકાર દેખાય છે, તે જ આત્મા છે. તે જ સનાતન બ્રહ્મ તત્વ છે. તું જ બ્રહ્મ છે તે જાણ. તે બ્રહ્મ તત્વ જ જાણવા જેવું છે. સેવનીય છે તેથી તેને 'સંયત્-વામ' કહે છે. બધી તપશ્ચર્યા અર્થાત સંયમ તેની સામે વામણી પુરવાર થઈ જાય છે. તેથી તે સંયત્-વામ છે. તેને 'વામની' અને 'ભામની' પણ કહે છે. કારણ તે બધી વસ્તુઓને ધારણ કરીને રહેલ છે. તેના સંકલ્પથી જ બધુ અસ્તિત્વ ધરાવે છે તેથી તે વામની છે. વામની એટલે ધારણ કરનાર. ભામની એટલે પ્રગટ થનાર. તે જ બધી વસ્તુઓ મારફત પ્રગટ થઈ રહ્યો છે. સારાંશ જગતમાં જે કાંઈ છે તે સર્વ બ્રહ્મ સ્વરૂપ જ છે અને તેના થકી જ છે. તે જ તું છે. આ જ સોહં-વિદ્યા છે.

''ભગવન્ તેની ઉપાસના પદ્ધતિ શું છે?''

''વત્સ તેની ઉપાસના પદ્ધતિ ને જ ક્રિયાયોગ કહેવામાં આવે છે. તે નીચે મુજબ કરાય છે.

સાધકે પોતાના શ્વાસ અને પ્રશ્વાસની ગતિ ઉપર એકાગ્રતા કરવાની હોય છે. તે પ્રક્રિયા બાબત સતત સભાન રહેતા શિખવું જોઈએ. આ પ્રથમ તબક્કો છે. શ્વાસ વખતે 'સો' નો અને ઉચ્છ્વાસ વખતે અહમ્‌નો જપ કરવાની ટેવ પાડવી જોઈએ. શ્વાસ પ્રશ્વાસ સાથે જપ વણાઈ જવો જોઈએ. તે બીજો તબક્કો છે.

તે પછી અસીમ નિરાકાર બ્રહ્મ-ચેતનાનું ધ્યાન આ જપ સાથે શરૂ કરવું જોઈએ અર્થાત મનની આંખથી પોતાને અસીમ આકાશની જેમ સર્વત્ર ફેલાએલું અનુભવવું જોઈએ.

શ્વાસ અને પ્રશ્વાસ વચ્ચેના આંતર કુંભક અને પ્રશ્વાસ અને શ્વાસ વચ્ચેના બાહ્ય કુંભક વખતે આ ધ્યાન વધારે ગહન થતું અનુભવાશે. વચ્ચેની નિષ્ક્રિય ક્ષણમાં જ બ્રહ્મ તત્વ પ્રગટ થવાની શરૂઆત કરે છે પછી તે કાયમી સ્વરૂપે પ્રગટ થઈને રહે છે.

''વત્સ, આ ક્રિયાયોગનો તું અભ્યાસ કર.''

''જેવી આજ્ઞા ગુરૂદેવ''

# ભારતીય સંસ્કૃતિ

## ભારતીય ધર્મનું સ્વરૂપ

પ્રકરણ - ૩

ભારતીય સંસ્કૃતિનાં પાયા - પેજ ૧૫૨-૧૬૯ ઉપર આધારિત)

સનાતન-ધર્મ અથવા અધ્યાત્મનો હેતૂ શો ? તેનો માનવી-જીવનમાં ઉપયોગ શું ? શું ધર્મ એ અફીણની ગોળી છે જે માનવી-દુઃખો અને અન્યાય સામે થવાની વૃત્તિને ઘેનમાં રાખે છે. દુઃખોને નિવારણ ન કરતાં તેને દુઃખો પ્રત્યે બધીર કરી નાખે છે ?

આજનો ભૌતિકવાદી આવું માને છે પણ ભારતીય-સંસ્કૃતિ પોતાનો આગવો વિચાર ધરાવે છે.

સનાતન-ધર્મ અથવા અધ્યાત્મનો હેતુ છે, શાશ્વત મૂળભૂત તત્વ, અર્થાત પરમ-ચેતના અને માનવ વચ્ચે કાયમી સંબંધ સ્થાપવો. એ સંબંધ સ્થાપનાર પ્રજ્ઞાશક્તિ, ઋતુચેતના હજી સક્રિય થએલ નથી. તેને સક્રિય કરી પરમ-ચેતનાને માનવદ્વારા પ્રગટ કરવી. આ પ્રગટીકરણ દરમિયાન જ માનવનું રૂપાંતર અતિમાનવ યોનિમાં થવાનું છે.

આપણા જીવનની સરીતા બન્ને કાંઠાને સ્પર્શતી વહી રહી છે. આંતરિક ઊંડાણમાં તે પરમ-ચેતનાને સ્પર્શે છે. બાહ્ય જીવનમાં ભૌતિક વાસ્તવિકતાઓને. આજે સામાન્ય માનવ વધારે આ ભૌતિક-જીવનમાં જ જીવે છે. સામાકાંઠાનું અસ્તિત્વ જ તેને ખબર નથી. મહાન ચિંતકોને પણ તેની જાણ હોતી નથી તો સામાન્ય માનવની ક્યાં વાત કરવી. તેઓ પણ મનનાં આદર્શોથી આગળ જઈ શકતાં નથી.

અધ્યાત્મવિદ્યા જાણે છે કે આપણાં ભાવનાત્મક અને મનોમય સ્તરો એ આપણી અંતિમ સત્તા નથી. તેની પણ પાછળ તે સત્તા હજી અપ્રગટ રીતે જ રહેલ છે. ઉપર જણાવ્યા તે તો તે મૂળ સત્તાને પ્રગટ થવાનાં સાધન માત્ર છે.

તેથી અધ્યાત્મવિદ્યાનું પ્રથમ કાર્ય છે આપણી ગહન અને ગુપ્ત સત્તાની (અસ્તિત્વની) શોધ કરવી. તે પછીનું બીજું કાર્ય છે. તે અસ્તિત્વને ભૌતિક-સ્તરે પણ પ્રગટ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવી. ભારતીય-સંસ્કૃતિમાં આ બન્ને

વિશેષતા છે અને તેથી તેને અધ્યાત્મિક-સંસ્કૃતિ કહેવું યોગ્ય થશે.

અમુક ધર્મોમાં આવી સમગ્રતાની અને સમન્વયની ભૂમિકા લીધેલ નથી. તેથી તેમાં આધ્યાત્મિકતા આંતરિક-જીવનમાં જ કેદ થઈ જાય છે. ભૌતિક સ્તરથી તે અળગી રહેવા લાગે છે. આને જ લોકો વૈરાગ્યપૂર્ણ તપસ્વી જીવન એવું કહે છે. પણ આથી તે અધ્યાત્મ વાસ્તવિક-જીવનની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં અસમર્થ પુરવાર થાય છે. તે પલાયનવૃત્તિ સ્વીકારે છે. અધ્યાત્મ વિદ્યામાં જીવનની સમસ્યા નિવારવાનું સામર્થ્ય હોવું જ જોઈએ.

અધ્યાત્મ ગણ્યાં ગાંઠયાં વ્યક્તિઓ માટે નથી. તે શક્તિ ઉત્ક્રાંતિનું પીઠબળ છે. અને ઉત્ક્રાંતિ કાંઈ ગણ્યાં ગાંઠયા વ્યક્તિઓ પુરતી જ મર્યાદિત હોતી નથી. કદાચ શરૂઆત તેવી હોય પણ તેની દિશા માનવમાત્રને જ, બધાને જ, ઉત્ક્રાંત કરવા તરફની હોય છે.

ભારતીય અધ્યાત્મની આ વિશેષતા છે. તેણે ફેરફારો કર્યાં છે અને છતાં મૂળભૂત સત્યોને અડગરીતે વળગી રહી છે અને તેથી તે માનવમાત્રને સાચા અર્થમાં સર્વાંગી મદદરૂપ નિવડે છે.

ભારતીય - અધ્યાત્મનું કેન્દ્રગત પ્રતીક તરીકે યજ્ઞ છે. યુરોપીયન લોકો આનો અર્થ એ લે છે કે હિન્દુધર્મમાં ક્રિયાકાંડને વધુ પડતું મહત્વ છે. પણ આ વાત ખોટી છે. યજ્ઞ એ કાંઈ ફક્ત ક્રિયાકાંડ નથી. પણ વ્યક્તિ અને વિશ્વ વચ્ચે જે શક્તિઓનો વિનિમય થઈ રહ્યો છે તેનું એ પ્રતીક છે. વૈશ્વિક-શક્તિઓ માનવને ઉત્ક્રાંત કરવા તેના સ્વરૂપમાં પ્રવેશીને તેને વિકસાવવા માગે છે. આ વિશ્વ-શક્તિઓનું માનવી સ્વરૂપમાં પ્રવેશી તેની ચેતનાને ઉત્ક્રાંતિ કરવી એજ આહુતિ છે. માનવી સ્વરૂપરૂપી યજ્ઞકુંડમાં આ આહૂતિઓ અપાઈ રહી છે. આને કારણે જે દિવ્ય આધ્યાત્મિક સમજણ આવે છે તે જ અધ્યાત્મ છે. અધ્યાત્મ એટલે અધિ + આત્મ અર્થાત આત્માને લગતી (અધિ) સમજણ. આ સમજણને ઋષિઓએ મર્મી ગૂઢ શબ્દો દ્વારા પ્રગટ કરી જેને તેઓ 'નિન્યાણિ વચાંસિ' કહે છે, વેદકાળમાં તે ગૂઢ વચનોનો અર્થ લોકો સમજી શકતાં હતાં. આજે તે શબ્દો દુર્બોધ અને નિર્જીવ લાગે છે. ઋષિઆએ પ્રતિકાત્મક ગૂઢભાષા વાપરી કારણ તે અધ્યાત્મિક વિદ્યા જે ભવ્ય-શક્તિઓ માનવને આપતી તેનો ગેરઉપયોગ થવાની શક્યતા હતી. યોગ્યતાની ખાતરી થયા વગર તે રહસ્ય કોઈની સામે તેઓ પ્રગટ કરતાં નહી. તે પ્રતીકો સમજાવનાર શાસ્ત્રો એટલે જ ઉપનિષદો.

તેથી ઋષિઓએ સામાન્ય માનવ માટે બાહ્ય ઉપાસના પદ્ધતિ વિકસાવી હતી અને દિક્ષિતો માટે જુદી ઉપાસના પદ્ધતિ હતી. સામાન્ય માનવ અને દિક્ષિત આ ભેદ દર્શક જ 'શૂદ્ર' અને 'દ્વિજ' શબ્દો વપરાતા.

આમાંથી જ પાછળથી શૂદ્રોએ વેદ વંચાય જ નહિ એવી ગેરસમજ નિર્માણ થઈ.

આ સાહિત્યને 'વેદ' અર્થાત અધ્યાત્મ-વિદ્યા આ નામ અપાયેલ છે. તે સાર્થક છે અને આ અધ્યાત્મિક વિદ્યાને વિકસાવવામાં ઋષિઓનો મહત્વનો ફાળો છે.

આ વિદ્યાના સિદ્ધાંતો શું છે ? પ્રથમ સિદ્ધાંત હતો એક પરમ-ચેતના જ આ બ્રહ્માંડ તરીકે સાકાર થઈ રહી છે. તે સાકારતા બહુસ્તરીય છે અર્થાત આ બ્રહ્માંડ સપ્તલોકનું બનેલું છે. દરેક લોક એક સ્વતંત્ર સૃષ્ટિ જેવો છે. તેના કુદરતી નિયમો પણ અન્ય લોકથી અલગ છે. આ સપ્તલોકનાં દ્વાર દરેક માનવમાત્રમાં મુકેલા છે. તેમને તે માનવનાં યોગચક્રો કહેવાય છે. તેની દ્વારા તે જે તે લોકમાં પ્રવેશી શકે છે ત્યાંના અનુભવ લઈ શકે છે.

આ સપ્તલોકો એકથી એક ચડિયાતા છે. તે એક ચડતી શ્રેણી સ્વરૂપ છે. આ સપ્તલોકો પ્રકાશનાં બનેલાં છે. તે આંતર પ્રકાશ છે. ભૌતિક પ્રકાશની જેમ તે પણ સપ્તરંગી છે. તેના વિવિધ પ્રકાશ રંગના જ મન, પ્રાણ, એવા તત્વો બનેલાં છે. આપણા ભૌતિક પ્રકાશની ભૌતિક-વસ્તુઓ બનેલી છે. આમ આ ભૌતિક સૂર્યે આ ભૌતિક જગત સર્જ્યું છે. તેમ પેલા દિવ્ય-સૂર્યે પેલાં દિવ્ય સપ્તલોક સર્જ્યાં છે આપણા ભૌતિક સૂર્યનું જે દિવ્યસ્વરૂપ છે તે જ પેલો દિવ્ય-સૂર્ય છે (તત્-સત્યં) આમ એક જ વાસ્તવિકતાએ આ જગત સર્જ્યું છે (એકસત્)

આ દિવ્યપ્રકાશનાં પ્રકાશ રંગમાંથી જે વ્યક્તિ-સ્વરૂપો રચાયા છે તે જ દેવો. દેવનો અર્થ જ છે પ્રકાશમય સ્વરૂપ. તે દેવો જ આ જગત ઘડી રહ્યાં છે. તેને ઘાટ આપી રહ્યાં છે. માટે તેમને જ 'વિશ્વદેવો' કહેવાય છે.

આવી દિવ્ય વાસ્તવિકતાઓ આ ભૌતિક-વિશ્વ પાછળ આવી રહેલી છે. હવે વૈદિક શિક્ષણનો મહત્વનો ભાગ આવે છે. તે છે કે આ દિવ્ય-વાસ્તવિકતાઓનો ઉપયોગ માનવે પોતાની ચેતનાના વિકાસમાં કેવી રીતે કરવો. બધા દર્શનો, ધર્મો, યોગ-પદ્ધતિઓનો પાયો જ તે ઉપયોગ કરવાની પદ્ધતિ જેને વિનિયોગ કહેવાય છે, તે છે. આ રીતે ઉપયોગ કરવાથી માનવ

ચેતના સાચા માર્ગે વિકાસ પામે છે. જેને ‘ઋતસ્યપંથા’ કહે છે. પાછળથી નિર્માણ થએલી બધી જ યોગ-પદ્ધતિઓનો આધાર આ સત્ય છે. માનવનાં પૂર્વેનાં પૂર્વજોએ આ પાયો નાખ્યો છે (પૂર્વે પિતરઃ મનુષ્યાઃ)

આ પ્રકારની સાધનાથી તે ઊર્ધ્વ માર્ગે જવાનું જ્ઞાન, તેમાં થતા પતનોનાં કારણ સ્વરૂપ અજ્ઞાન અને જ્ઞાન સ્વરૂપ આત્માને સાધક ઓળખતો થાય છે (ચિત્તિં અચિત્તિં ચિન્વત્ વિ વિદ્વાનઃ - તે વિદ્વાન જ્ઞાન, અજ્ઞાન અને જ્ઞાનવાન ને ઓળખતો થાય છે.)

આ વૈદિક કાળનો પ્રથમ તબક્કો હતો. ઉત્તરાર્ધ તેનો ઉપનિષદ કાળમાં પ્રાપ્ત થયો છે. તેને સનાતન ધર્મનો બીજો તબક્કો ગણી શકાય. ઉપનિષદોને આપણે વેદોનો અંત ‘વેદાંત’ તરીકે જોઈએ છીએ. અંત એટલે શિખર. ઉપનિષદનો અર્થ દિક્ષિત શિષ્યને પાસે બેસાડી પેલી ગૂઢ ભાષામાં છુપાયેલ રહસ્યને સમજાવવું, જેથી તે તેનો ઉપાસનામાં ઉપયોગ કરે. પણ ઉપનિષદકાળમાં વિશેષતઃ છાંદોગ્ય અને બૃહદારણ્યક ઉપદેશની રચના સમયે આ ગૂઢજ્ઞાન દિક્ષિતોનાં જગતની મર્યાદા ભાંગી સમગ્ર સમાજમાં વહેવા લાગ્યું અને તેમની સમજણનો ભાગ બની ગયો. છાંદોગ્યોપનિષદનો વિષય છે તે દિવ્ય-ચેતના દિવ્ય-શક્તિનાં આંદોલન સ્વરૂપે ફેલાઈને સમગ્ર જગતમાં કેવી રીતે પોતાનો પ્રભાવ દર્શાવે છે તે આંદોલન (છંદ) કેવી રીતે રચાય છે તેના વિકાસનાં અને વિરામનાં ક્યા તબક્કા છે (આરોહનાં અને અવરોહનાં) તેનુ સંશોધન દિવ્યદૃષ્ટિથી કરી તેનું શાસ્ત્ર શોધી કઢાયું છે. આજના વેબસાઈટનો ખ્યાલ તે વખતે ઋષિઓને આવ્યો. તેઓ તેને ‘નાડીજાલ’ કહેતા.

આ કાર્યમાં જેમણે પાયારૂપ કાર્ય કર્યાં તે કાંઈ ખ્યાતનામ ઋષિકુળના જ હતાં તેમ નથી. દા.ત. જનશ્રુતિ એક શુદ્ર હતો પણ ધનવાન હતો. સત્યકામના માતાને સત્યકામના પિતાનું નામ ઠામ જ ખબર નહોતું. કારણ તે દાસી હતી. ઉપનિષદકાળમાં સહજ પ્રજ્ઞાથી આ જ્ઞાન વિકાસ પામતું રહ્યું. તેમાં બૌદ્ધિકતા કરતાં આંતરપ્રેરણા વધારે મહત્વની હતી. શુદ્ધ હૃદયમાં થતાં આંતર-પ્રેરણાનાં ઝબકારા હતાં. તેમનું જ્ઞાન સમાજમાં ફેલાયુ પણ સ્વાનુભૂતિ મેળવનારા વધારે નહોતા. તેથી સામાન્ય લોકોની તે વૈદિક-ધર્મની સમજણ બૌદ્ધિક રીતે, તાર્કિક રીતે સમજાવવાની માગણી વધતી ગઈ. તેમાંથી ત્રીજો તબક્કો રચાયો. બૌદ્ધિક જ્ઞાન સ્વરૂપે વર્ણવેલા સત્યોની બૌદ્ધિક સમજણ સમગ્ર સમાજમાં ફેલાઈ શકે છે. એ વાસ્તવિકતા છે પણ તે પદ્ધતિમાં નીચેનાં દોષો નિર્માણ થાય છે.

૧ આંતરિકપ્રેરણામાં દેખાતું સત્ય આ બૌદ્ધિક સમજણમાં ધીમે ધીમે મંદ પડતાં આખરે મરી જાય છે.

દા.ત. પાયથાગોરસે આંતરપ્રેરણાથી મેળવેલા સત્યોને સ્ટોઈકો, પ્લેટો અને ન્યુ પ્લેટો એ બૌદ્ધિક રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ તેઓ પેલો આંતર-પ્રકાશ ખોઈ બેઠાં.

૨ બૌદ્ધિક સમજણનો બીજો દોષ એ છે કે તે મૂળ સત્યની વિશાલતાને બૌદ્ધિક શબ્દો વાપરી સંકુચિત કરી નાખે છે.

પણ વેદાંત અર્થાત ઊપનિષદ કાળનાં ઋષિઓએ વૈદિક સત્યોને પ્રતીકોની ભાષામાંથી મુક્ત કર્યા અને તેમને આંતરિક અનુભૂતિનાં શબ્દોમાં ઢાળી પ્રગટ કર્યાં તે હૃદયની ભાષા હતી, બુદ્ધિની જેમ તર્ક કરતા જણાતી પણ મૂળભૂત રીતે તે ઊર્મિઓનો આધાર લેતી.

આ પછી સનાતન-ધર્મનો બીજો તબક્કો શરૂ થયો. તેને પુરાણો, તંત્ર અને મહાકાવ્ય કાળ કહી શકાય. તે યુગમાં અનેક તત્વજ્ઞાનીઓ જન્મ્યાં, વિવિધતા આવી, મહાકાવ્યો લખાયા. કળા અને વિજ્ઞાન વિકસ્યા.

પ્રથમ તબક્કાના આધ્યાત્મિકતામાં આંતરપ્રેરણાનો પ્રચંડ આવેગ હતો. અને સુત્રો અને મહાકાવ્યકાળના બીજા તબક્કામાં તે આવેગ પાર્શ્વભૂમિમાં જતો રહ્યો અને બૌદ્ધિક તર્કવિચારણા, ગહન ચિંતનનો ગંભીર પ્રવાહ વહેવા લાગ્યો. નૈતિકતા પૂર્ણ સામાજિકજીવન, સામાજિક આદર્શોનો તીવ્ર પ્રભાવ, સત્યાચરણનાં નિશ્ચિત ધારાધોરણો નિર્માણ કરવાનો પ્રયત્ન થયો. ધર્મ અને સંસ્કૃતિને દૃઢ કરવાનો તેમાં પ્રયત્ન છે. પણ તેથી ધીમે ધીમે યજ્ઞ યાગાદિ એક જીવંત સમર્પણાના ભાવની અભિવ્યક્તિ કરતાં સામાજીક પ્રતિષ્ઠા પ્રાપ્તિનું સાધન બનવા લાગ્યું. અહિં બીજા તબક્કાનો પૂર્વાર્ધ પુરો થાય છે તે પછી ગૌતમબુદ્ધે અને મહાવીરસ્વામીએ ફરી આધ્યાત્મિક ઝોક સમાજને આપવાનો પ્રયત્ન કર્યો. એ તેનો ઉત્તરાર્ધ છે. બુદ્ધના વિચારો અને આદર્શો શબ્દોમાં વૈદિક-તત્વજ્ઞાન કરતાં જુદા અને વિરોધી લાગતા હતા પણ ખરેખર વેદોનું બ્રહ્મનિર્વાણ અને બૌદ્ધનાં નિવાર્ણની વાસ્તવિકતામાં કાંઈ તફાવત નહોતો. ફક્ત વૈદિક વર્ણન હકારાત્મક છે અને બૌદ્ધનું નકારાત્મક. એક તેને ''કેવલં સત્' કહે છે, બીજા ''શૂન્યમ્'. આ શાબ્દિક તફાવત માત્ર છે. બન્ને ''ઋતસ્યપંથા' ના જ પથિક હતાં. સત્યના માર્ગના જ પ્રવાસી હતા.

આ બીજા તબક્કાની પ્રક્રિયા ખરેખર તો જુના વૈદિક પ્રતીકો જે હવે

કાલબાહ્ય દુર્બોધ થઈ ગયાં હતાં, તેમને સ્થાને નવા જીવંત અને પરિચિત પ્રતીકો લાવવાનો પ્રયત્ન હતો. દા.ત. યજ્ઞના કુંડો અને મંડપોને સ્થાને હવે સ્તૂપો, પ્રાર્થના ખંડો, મંદિરો આવવા લાગ્યાં. પહેલાની સાધના સ્વાધ્યાય સ્વરૂપની હતી. તે હવે તપસ્યા સ્વરૂપની બનવા લાગી. કર્મકાંડને લીધે ભોગવાદને મળેલા પ્રોત્સાહનને નિયંત્રિત કરવા વૈરાગ્ય અને સન્યાસને મહત્વ આપવામાં આવ્યું. વૈદિક દેવોના અસ્પષ્ટ વ્યક્તિ-સ્વરૂપોએ નિશ્ચિત બ્રહ્મા, વિષ્ણુ, મહેશનાં રૂપો લીધાં અથવા બૌદ્ધ મહાવીર સ્વામીની આરાધના શરૂ થઈ.

વૈદિક ઋચાઓને બદલે તંત્ર અને પુરાણોનાં મંત્રો આવ્યાં. સારાંશ અધ્યાત્મને નિશ્ચિત માનસિક-ઘાટ આપવામાં આવ્યો. આવા વિવિધ ઘાટોને કારણે વિવિધ યોગ-પ્રણાલીઓ વિકસી. તેમાં ગૂઢ-વિદ્યાઓનાં સત્યો ઉમેરાયા. ગુહ્ય દિક્ષાઓ શરૂ થઈ. તે ગહનતર આધ્યાત્મિક અનુભૂતિઓ માટેનો નિશ્ચિત પ્રકારનો પ્રયત્ન બની ગયો.

વૈદિક-દેવતાઓની પ્રાર્થનાઓ લુપ્ત થવા માંડી. તેની જગ્યાએ બ્રહ્માવિષ્ણુ મહેશની અને તેમનાથી સંબંધિત દેવી-દેવતાઓની ઉપાસના આવી. પણ બ્રહ્માવિષ્ણુમહેશ આ પરમ-પ્રભુનાં ત્રણ પાસા જ છે. એ પ્રકારનો એક-દેવવાદ આવ્યો. અવતારોની કલ્પના રૂઢ થઈ. અંતર્યામી પ્રભુ પણ છે એ સત્ય સ્થાપિત થયું.

આવી રીતે વ્યક્તિ જીવનમાં પણ આધ્યાત્મિકતાના ત્રણ તબક્કા રચાતા હોય છે. પ્રથમ તબક્કામાં બહિર્મુખ માનવને અંતર્મુખ બનાવી આધ્યાત્મિક જીવનની પૂર્વ તૈયારી કરવાનો પ્રાથમિક તબક્કો હોય છે. તેમાં માનવનું ચિત્ત અધ્યાત્મથી રંગાય છે.

૨ બીજા તબક્કામાં આધ્યાત્મિક ગહન સત્યોને માનસિક અને બૌદ્ધિક રીતે સમજવાનો તબક્કો આવે છે. મન પણ ચિત્ત સાથે અધ્યાત્મથી રંગાય છે. અધ્યાત્મનો આધાર વિશાળ બને છે.

૩ ત્રીજા તબક્કામાં ભૌતિક જીવન ઉપર આધ્યાત્મિક સમજણનો પ્રભાવ પડવા લાગે છે. બાહ્ય જીવન પણ અધ્યાત્મથી રંગાય છે. વૈદિક-અધ્યાત્મનો ત્રીજો તબક્કો એ તેનું ભાવિ છે. હજી તે તબક્કો શરૂ થઈ રહ્યો છે. પ્રથમ બન્ને તબક્કાનો વિકાસ ભારતીય અધ્યાત્મના વિકાસમાં દેખાય છે. પરંતુ દુર્ભાગ્યે જ્યારે અધ્યાત્મનાં ફળ ચાખવાનો સાચો સમય અર્થાત ત્રીજો તબક્કો આવ્યો

ત્યારે શક, હૂણોના હુમલા શરૂ થયા. તે પછી મુસલમાનોનાં અને અંતે અંગ્રજોના. આમ ભારત પરતંત્ર થતાં જ તેના આધ્યાત્મિક વિકાસની ગતિ જાણે ભાંગી પડી. જે કાંઈ પ્રયત્નો થયાં તે અધ્યાત્મને ટકાવવાનો અથવા સાચી સમજણ આપવાનાં થયાં. તેમાં નવી પ્રગતિ નહોતી.

ભારતનાં આધ્યાત્મિક પુનરૂથ્થાનમાં ફક્ત પૌરાણિક પરંપરાઓનું ઉત્થાન કે તેને નવુ રૂપ આપવું એ માર્ગ સાચો નથી. સાચી અધ્યાત્મિકતા લાવવા નીચેની વસ્તુઓ હવે સમજવી જરૂરી છે.

૧ ફક્ત આંતરિક ચૈતસિક, ઊર્મિમય ભાગમાં જ અધ્યાત્મનો અનુભવ હવે અપુરતો પુરવાર થશે. પરમ-ચેતના 'હૃદયેગુહાયામ' છે એ સાચું છે પણ તેટલામાં અધ્યાત્મ સમાઈ જતું નથી.

૨ આ હૃદયસ્થ અધ્યાત્મને સમગ્ર જીવનમાં સબળ રીતે સ્થાપવા એક વિજયી દિવ્ય શક્તિની જરૂરિયાત છે. આપણી પ્રકૃતિમાં અતિમનસ શક્તિ રહેલી છે. તેને સક્રિય કરીને નીચે ભૌતિક-શરીર સુધી તેનું અવતરણ કરાવવું જરૂરી છે. તો જ અધ્યાત્મ ચિરસ્થાયી થશે. આને જ પ્રકૃતિનું રૂપાંતર કે દિવ્યીકરણ કહે છે.

વૈષ્ણવ ધર્મ, તંત્ર અને યોગે આ જ પ્રયોગ કર્યો તેથી તેઓ શરૂઆતમાં યશસ્વી થયાં પણ તે શક્તિને મન કે પ્રાણમાં ઉતારી તેમણે સમાધાન કરી લીધું. આ અપૂરતો પ્રયત્ન હતો. બીજું તે વખતે ભારતની જીવન-શક્તિ જ નબળી હતી. તેથી આ નબળાઈ આવી. તો હવે ભાવિ માર્ગ છે ભૌતિક વિજ્ઞાનથી જીવન-શક્તિને વધારવી અને સાથે સાથે પેલી અતિમનસશક્તિને ભૌતિક જીવનમાં અધ્યાત્મ લાવવા સક્રિય કરવી.

ભારતનો પોતાની સંસ્કૃતિ બચાવવાનો આ પ્રયત્ન જ તેને ત્રીજા તબક્કામાં પ્રવેશાવશે. ત્રીજા તબક્કામાં અધ્યાત્મને ભૌતિક સ્તરે અનુભવવું છે. શારિરીક કોષોએ પણ અધ્યાત્મનાં સંવેદનો અનુભવી પોતાનું રૂપાંતર કરવું જરૂરી છે.

## શાશ્વત રંગ

જગતનો રંગ ફિક્કો નથી. જગતના રંગમાં ઈશ્વરને ભેળવી દો એટલે એના અણુએ અણુમાં અપાર સૌંદર્યના દર્શન થશે. અને એ જ રંગ જીવનમાં ઉભરતો અનુભવાશે. **-ભૂપેન્દ્ર ત્રિવેદી**

# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ - ૧૩

## સનાતનો ભગવાન ॥
## તે જ સનાતન ભગવાન છે.

ગયા પ્રકરણમાં આપણે સનાતન શબ્દનો અર્થ જોયો. જેનું અસ્તિત્વ (સત્), જેની હાજરી (સન્) ત્રણે કાળમાં અખંડ રીતે ફેલાયેલી છે (આતન) તે જ સનાતન છે. આનો અર્થ તે સદા અરૂપ, નિરાકાર, નિર્ગુણ જ રહે છે. એવું નથી પણ તે સરૂપ, સાકાર, સગુણ હોય તે અસ્તિત્વમાં તો હોય જ છે. તે પ્રગટ કે અપ્રગટ, વ્યક્ત કે અવ્યક્ત અવસ્થામાં પણ પોતાનું અસ્તિત્વ ગુમાવતું નથી. આ સનાતન શબ્દનો અર્થ છે તે આવિર્ભાવ, તીરોભાવથી પર છે.

આ જે આવુ સત્-ચિત્-આનંદ તત્વ છે તે ભગવાન છે. ભગવાન શબ્દમાં ભગ+વાન બે શબ્દો છે. ભગ એટલે છીદ્ર અને વાનનો અર્થ છે તેથી યુક્ત અર્થાત છીદ્રવાળુ. એટલે ભગવાનનો અર્થ શું ? શું બ્રહ્મતત્વ, ચેતના, સછીદ્ર છે ? Perforated છે ?

ભગવાનનો એક અર્થ એવો છે કે તે બધાને જ પોતામાં સમાવી શકે છે અને પોતે બીજામાં પ્રવેશીને પણ રહી શકે છે. તે બધે જ છે. તેનું અસ્તિત્વ અખંડ રહે છે. બીજાના અસ્તિત્વ સાથે તેને કોઈ વિરોધ નથી. સાચું એ છે કે તેના અસ્તિત્વ ઉપર જ બધાના અસ્તિત્વનો આધાર રહે છે. બીજી વસ્તુઓનું અસ્તિત્વ વધારે સ્થુળ હોય છે. જ્યારે ચેતનાનું અસ્તિત્વ એટલું શૂક્ષ્મતમ છે કે તે જગ્યા જ રોકતી નથી. ભૌતિક વસ્તુઓનું અસ્તિત્વ સ્થુળ સ્વરૂપનું હોવાથી તેના અસ્તિત્વમાં બીજાનું અસ્તિત્વ રહી શકે અથવા ન પણ રહી શકે. તેમાં અણુશક્તિ જે શૂક્ષ્મ અસ્તિત્વ ધરાવે છે તે રહેલી છે તેમાં તેનાથી સૂક્ષ્મ વસ્તુ પ્રવેશીને રહી શકે છે. પણ તેનાથી વધારે ધનીભૂત વસ્તુ રહી શકતી નથી. મિશ્રણને આપણે એમ કહીએ છીએ કે તેમાં જે વસ્તુઓ હોય છે તે એક બીજામાં સમાઈ જાય છે. પણ ખરેખર તેમ નથી. તેમના અણુઓ એકબીજાની વચ્ચે ગોઠવાઈ જાય છે પણ તેનાથી એકરૂપ થઈ શકતા નથી. સંયોગમાં તે એકરૂપ થઈ જાય છે. પણ ત્યારે પોતાનું અસ્તિત્વ જ તે વસ્તુઓ ગુમાવી બેસે છે. તેમના ગુણધર્મો બદલાઈ જાય

છે ઓકસિજન અને હાઈડ્રોજનના સંયોગથી પાણી તૈયાર થાય છે પણ તે પાણીમાં ઓક્સીજન કે હાઈડ્રોજનના ગુણધર્મો રહેતા નથી. બદલાઈ જાય છે.

પણ આ ચેતન તત્વ મિશ્રણની જેમ અલગ પણ રહેતું નથી અને પોતાનું સ્વરૂપ સંયોગની જેમ ગુમાવતું પણ નથી. તે બધાને સમાવી લે છે. જાણે સછીદ્ર ન હોય ? તે તેમની સાથે સંયોગની જેમ એકરૂપ થઈ જાય છે અને સાથે સાથે મિશ્રણની જેમ પણ રહે છે. તે આંશિક રીતે એકરૂપ થાય છે. આંશિક રીતે અલગ અને નિર્લેપ પણ રહે છે. તે લિંપિત અને નિર્લેપ બન્નેથી પર છે.

આ થયો દર્શન શાસ્ત્ર તરીકેનો ભગવાનનો અર્થ. તે બધા સાથે એકરૂપ હોવા છતાં બીજા બધા તેની સાથે એકરૂપ થએલા હોતા નથી. પોતે જ અલગતા રાખે છે. ગીતા જણાવે છે કે ‘હું તેઓમાં છું પણ તેઓ મારામાં નથી.’’ આ વિધાન ઉપરના સ્પષ્ટીકરણને આધારે આપેલું છે. તેઓ મારામાં નથી તેનો અર્થ ચેતનાની બહાર છે એવો નથી. પ્રભુ સર્વવ્યાપિ છે તેની બહાર કાંઈ હોઈ જ શકતું નથી. તે સર્વત્ર છે. Omni Present છે. બધે જ તેની હાજરી છે. બીજા તો અનુભવે કે ન અનુભવે એ બીજાના વિકાસના તબક્કા ઉપર આધાર રાખે છે પણ ચેતના તો ત્યાં હાજર જ છે.

યોગમાં ભગવાનનો અર્થ જુદી રીતે સમજાવ્યો છે તે કહે છે કે ચેતના સર્વત્ર છે પણ તે જ્યાં સુધી યોગીના યોગ-ચક્રોમાં પ્રવેશીને ત્યાં પ્રગટ થતી નથી, યોગીને અનુભવતી નથી ત્યાં સુધી તે અવ્યક્ત જ રહે છે. યોગ ચક્રો એજ ભગ-છીદ્ર છે, પ્રવેશદ્વાર છે. તેની મારફત જાણે ચેતના તે યોગચક્રના ક્ષેત્રમાં પ્રવેશે છે અને તેનો પોતાનો અનુભવ કરાવે છે. યોગચક્ર જાગૃત અને સભાન બન્યા સિવાય ભગવાનનો અનુભવ આવવો જ શક્ય નથી. ચેતના યોગ-ચક્રો મારફત જ પ્રવેશતી હોવાથી તેને ભગવાન કહે છે. ગાયત્રી મંત્રમાંના ‘ભર્ગ’ શબ્દનો આ જ અર્થ છે.

શાસ્ત્રોમાં જે તત્વ ષડૈશ્વર્ય ધારણ કરે છે તેને ભગવાન કહે છે ષડ્ ઐશ્વર્ય નીચે મુજબનાં છે. એમ વિષ્ણુપુરાણ જણાવે છે.

જ્ઞાનં શક્તિ બલૈશ્વર્યં વીર્યં તેજોસ્યશેષત :।

ભગવત્ શબ્દ વાચ્યાનિ વિના હેયૈઃ ગુણાદિ ભિઃ।।

અર્થાત, જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, પરાક્રમ અને તેજ આ છ ગુણો ‘ભગવત્’ શબ્દમાં આવે છે પણ આ ગુણો સાથે કોઈ હીનતા, અલ્પતા કે અશુદ્ધિ હોવી ન જોઈએ. તે સર્વાંગપૂર્ણ જ હોવા જોઈએ.

તેથી જ આપણે ભગવાનને જ્ઞાનસ્વરૂપ, શક્તિસ્વરૂપ, બળ સ્વરૂપ, ઐશ્વર્ય અર્થાત પૂર્ણતા સ્વરૂપ, અવિરોધ્ય ગતિ સ્વરૂપ (વીર્ય) અને પ્રકાશ સ્વરૂપ ગણેલાં છે.

શક્તિ અને બળ વચ્ચે નીચે મુજબનો તફાવત છે શક્તિ એટલે power, બળ એટલે Force. શક્તિ સક્રિય કે નિષ્ક્રિય બન્ને સ્વરૂપ હોય છે. જ્યારે બળ એ શક્તિનું સક્રિય સ્વરૂપ છે. તે ગતિમાન હોય છે. પરિણામ કારક બની જાય છે. તે વ્યક્ત હોય છે. શક્તિ વ્યક્ત અને અવ્યક્ત બને છે. બળ વ્યક્ત જ હોય છે. - પરિણામ સ્વરૂપે.

પતંજલી વળી ભગવાન કે ઈશ્વરની વ્યાખ્યા જુદી રૂપે આપે છે.

કલેશ કર્મ વિપાકાશયૈ રપરામૃષ્ટઃ પુરૂષ વિશેષઃ ઈશ્વરઃ।

અર્થાત દુઃખયાતના અને કર્મના બંધનોથી સંપૂર્ણ સર્વથામુક્ત એવો વિશેષ પુરૂષ એજ ઈશ્વર છે.

પુરૂષનો અર્થ પુર અર્થાત શરીર દ્વારા પ્રગટ થતી ચેતના.

શરીર ત્રણ છે. કારણ શરીર, સૂક્ષ્મ શરીર અને સ્થૂળ શરીર. દરેકની વળી ત્રણ કક્ષાઓ - વ્યક્તિ, વૈશ્વિક, વિશ્વાતીત. આમાંથી કોઈ પણ એક અથવા અનેકમાંથી પ્રગટ થતી ચેતનાને જ પુરૂષ કહે છે. સંકુચિત અર્થમાં વિશ્વાતીત કક્ષાના કારણ શરીરની ચેતનાને જ ઈશ્વર કહેવાય છે. આ પુરૂષમાં પણ જે વિશેષતા ધરાવતો પુરૂષ છે તે જ ઈશ્વર છે. વિશેષતા શું છે ? તો કહે છે કે તે દુઃખ કે કર્મના બંધનોમાંથી સર્વદામુક્ત છે. પુરેપુરો મુક્ત. બંધાતો જ નથી. વિશ્વાતીત કારણ શરીર આવી રીતે સંપૂર્ણ રીતે મુક્ત છે. તેનો વાચક શબ્દ ઓમ દર્શાવેલ છે.

ઓમ એટલે બધા જ વર્ણોમાં આધાર તરીકે રહેલ અવિભાજીત એવો નાદ, જે સતત નવો જ અને આનંદદાયક લાગે છે. 'તસ્યવાચકઃ પ્રણવઃ' પ્રણવ એટલે તે નિત્યનૂતન. નાદ શક્તિ સ્વરૂપ છે. તેમાંથી આંદોલનો જન્મે છે જે બળસ્વરૂપ હોય છે. બળ જ સર્જન કરે છે. જગતનું કારણ બળ અને બળનું કારણ નાદ જ છે. તે જ ભગવાન છે. તે જ યોગચક્રોમાં પ્રવેશે છે. તેમાં જ ષડૈશ્વર્ય નિર્માણ કરવાની ક્ષમતા છે. તે નાદ અનાદિ અનંત છે અર્થાત સનાતન છે તેથી તેને જ ઈશ્વર કહેવો જોઈએ. 'સનાતનો ભગવાન' શબ્દનો આ અર્થ છે.

સારાંશ ઈશ્વર આપણું મૂળ કારણ છે અને મૂળ આધાર છે. આપણે તે સ્વરૂપ જ છીએ. સનાતન ચેતના જ ભગવાન છે.

# વિજ્ઞાન અને અધ્યાત્મ

પ્રકરણ - ૧

## વિજ્ઞાન - અધ્યાત્મનો સંબંધ

વિજ્ઞાન અને અધ્યાત્મનો શો સંબંધ છે, આ બાબતમાં અવાર નવાર હવે ચર્ચા શરૂ થાય છે. ભારતમાં તેમજ યુરોપમાં પણ.

આ બાબતમાં બે અતિરેકી વિચાર-ધારાઓ છે. ટોચના અમુક વિજ્ઞાનીઓ સમજે છે કે વિજ્ઞાન અને અધ્યાત્મનો કોઈ સંબંધ જ નથી. કારણ એક અંધશ્રદ્ધા વગરનું ચિંતન છે બીજુ અંધશ્રદ્ધાથી ભરપૂર અધ્યાત્મ એ અંધારયુગનો માનવને મળેલો વારસો છે જે ત્યાગવો જરૂરી છે.

બીજી બાજુ ધર્માચાર્યો એમ જણાવે છે કે વિજ્ઞાન જગતનો સત્યાનાશ વાળ્યો છે. જીવનમાંની મૌલિકતાનો નિતિનો નાશ કર્યો છે. તેને ઉપયોગીતાવાદી અને જડવાદી બનાવી દીધુ છે.

આ બન્ને અતિરેકી વિચારો પ્રત્યાઘાત સ્વરૂપનાં છે અને તેથી સત્ય નથી.

વિજ્ઞાન અને અધ્યાત્મના જ પરિણામે જીવનનાં અન્ય પાસાઓનાં સ્વરૂપો રચાતા હોય છે. સમાજવાદ વિજ્ઞાનને કારણે રચાએલા અર્થકારણનું સીધે સીધુ પરિણામ છે. રાજાશાહી અધ્યાત્મની વિચાર-ધારાઓનું પરિણામ છે કારણ રાજા પ્રભુનો પ્રતિનિધિ છે. એવી શ્રદ્ધા હતી. વિજ્ઞાનને કારણે જ શિક્ષણ વ્યવસ્થામાં ટેકનિકલ શિક્ષણનો ઉમેરો થયો છે. પહેલા આધ્યાત્મિક - વિચારો જ શિક્ષણમાં આવતા.

આમ સામાજીક જીવન અને વ્યક્તિ જીવનમાં વિજ્ઞાન અને અધ્યાત્મ મૂલગામી ક્રાંતિ સર્જતા હોય છે.

પ્રશ્ન એ છે કે વિજ્ઞાન શું છે અને ધર્મ શું છે ? આજુ બાજુની કુદરતના વર્તન પાછળ રહેલ સત્ય સમજવાનો પ્રયત્ન એ વિજ્ઞાન છે તો પોતાના વર્તન પાછળ રહેલ સત્યને સમજવાનો પ્રયત્ન એટલે અધ્યાત્મ છે, બન્ને સત્ય શોધક જ છે.

બન્નેની સંશોધન - પદ્ધતિ તપાસતા બન્નેની સામ્યતા જલદી ધ્યાનમાં આવશે.

૧ બન્નેની શરૂઆત જીજ્ઞાસાવૃત્તિથી થાય છે. ન્યૂટને પોતાની સંશોધન

પદ્ધતિ બાબત જણાવેલું કે જીજ્ઞાસાવૃત્તિથી ચિંતનનો વિષય મળે છે. તેના ઉપર તે એકાગ્ર બની જાય છે. અંતકરણ ખૂબજ એકાગ્ર થતા તેને કોઈ સંકેત મળે છે અને અંતે રહસ્યનો પુરેપુરો ઉકેલ મળી જાય છે. પણ આ માટે અખૂટ ધીરજ, શાંતિ અને એકાગ્રતાની જરૂર હોય છે.

આધ્યાત્મિક સંશોધનની પણ આ જ પદ્ધતિ છે, જેને તેઓ 'ધ્યાન' કહે છે. યોગમાં એકાગ્ર થએલાં ધ્યાનને 'સંયમ' કહે છે.

૨ ન્યૂટનના જીવનનો દાખલો લો. ૧૬૬૫-૬૬માં પ્લેગનો ભયાનક ઉપદ્રવ થયો. ન્યૂટને ઈંગ્લેંડ છોડી વુલ્સડ્રોપમાં સ્થળાંતર કરવું પડ્યું. ત્યાંના કુદરતી સૌંદર્ય અને શાંતિમાં જ ન્યૂટને 'પ્રિન્સિપિયા'નો ગ્રંથ લખ્યો. પાંચ છ અઠવાડીયા ન્યૂટન રાતદિવસ પોતાનાં લખાણોમાં લયલીન બની ગએલાં.

અધ્યાત્મમાં પણ તપસ્વિઓ આ રીતે જ ગહન જંગલોમાં કે ગિરીકંદરાઓમાં ધ્યાન મગ્ન બેસી આધ્યાત્મિક સાધના કરતા હોય છે અને આંતરિક સત્યો શોધી કાઢતા હોય છે.

૩ ત્રીજું, વિજ્ઞાન અને અધ્યાત્મ બન્નેનો સમાજે ફાયદો લીધો છે તેમ અત્યાચાર પણ કર્યો છે. રક્ત રંજીત ક્રાંતિઓ પણ આમના નામે થઈ છે અને અત્યાચારો પણ થાય છે.

૪ ચોથું, વિજ્ઞાનની શોધોમાં જેટલો આનંદ મળે છે. તેટલો જ આધ્યાત્મિક શોધોમાં પણ મળે છે.

૫ પાંચમું, વિજ્ઞાન અને અધ્યાત્મ બન્ને પોતાના શુદ્ધ સ્વરૂપમાં 'માનવ-કલ્યાણ' જ ઈચ્છે છે. બન્ને માનવને કુદરતનો અંશ સમજે છે અને કુદરત સાથે સંવાદમાં રહેવાથી જ માનવ સુખી થશે એમ માને છે. આ માન્યતા જોતા બન્નેનો મૂળ ઉગમ 'સત્ય જાણવાની જીજ્ઞાસા' જ છે એ નિશ્ચિત છે. તેથી આજે ભલે વિજ્ઞાન અને અધ્યાત્મ જુદા લાગે, અંતે તો સમગ્ર સત્યના સાક્ષાત્કાર સાથે બન્નેએ હાથ મિલાવવા જ પડશે અને તે દિવસ હવે દૂર નથી.

**સોઉં તોરી સેજમેં, જાગુ તોરી ગોદ,**
**તોર સંગ મોરે પ્રભુ, અબ આનંદ પ્રમોદ.**
**સર્વ સમર્પણ જિસ ઘડી, હરિ ચરણોમેં હોત,**
**તબ ભક્તિ કી જાનીએ, સચ્ચી પ્રગટી જ્યોત.** - હરકિસન જોશી

# સાવિત્રી-સાર

પ્રકરણ-૭૮

## જીવન નાટ્યનો આનંદ

(The murmur..... to infinity)
(Savitri - B-1. C-3, P-29-30)

અશ્વપતિને એવી અવનવી અનુભૂતિઓ આવી રહી છે કે જાણે તેનાં અંતરમાં કોઈ અદૃશ્ય આત્માઓ કોઈ દિવ્ય-વિચારોને, દિવ્ય-ભાવોને અસ્પષ્ટ શબ્દોમાં પણ સ્પષ્ટ ભાવાર્થમાં પ્રગટ કરતાં હોય. જાણે કોઈ તેનાં કાનમાં મન્ત્ર આપતા હોય એવો ભાવ અશ્વપતિને જાગે છે. આવા દિવ્ય-વિચારો કે ભાવો અશ્વપતિને કોઈએ સંભળાવ્યાં નહોતાં કે તેમણે શાસ્ત્રોમાં પણ શિખ્યાં નહોતા. અશ્વપતિને એમ જ સતત લાગતું હતું કે આવા વિચારો અને ભાવો જાણે તેના નથી પણ કોઈ કૃપાળુ તત્વ તેને સાધનામાંના રહસ્યો સમજાવી રહ્યું છે.

અશ્વપતિ આ બધા ભાવોને પોતાના અંતકરણમાં અનુભવી રહ્યો હતો. ભાવોનો જાણે મહાન પ્રવાહ અખંડ રીતે ખળખળ વહેતો હોય એવું જ અશ્વપતિને લાગે છે. પણ આ ભાવોને પોતાના અંગત વ્યક્તિઓ પાસે પ્રગટ કરવા પણ તેને સુયોગ્ય શબ્દો જડતાં નથી. તે ભાવોને યથાર્થ રીતે પ્રગટ કરવા તેને અશક્ય લાગે છે. અશ્વપતિને લાગે છે, બધા સાથે આમ જ થતું હશે. શ્રી અરવિંદ જણાવે છે કે

The murmur and whisper of the unheard sounds
Which crowd around our hearts but find no window.

અશ્વપતિને લાગે છે કે જો તે ભાવોને પ્રગટ કરવાનાં યોગ્ય શબ્દો જડી જાય તો તે એક અપૂર્વ ધાર્મિક ગ્રંથની એક દિવ્યસ્તુતિ બની જાય. એક દૈવી-વાણીનો ફકરો બની જાય. કોઈ પરમેશ્વરી વાચા બની જાય.

Canticle એટલે ધાર્મિક પ્રાર્થના સ્વરૂપ ફકરો. પણ અશ્વપતિ જાણે છે કે તે ભાવોને ગણ્યાં ગાઠ્યાં શબ્દોમાં પ્રગટ કરવાં શક્ય નથી. તે માટે તો ઘણાઘણા શબ્દ પ્રયોગો કરીને તે ભાવોના વિવિધ પાસાઓને ઉપસાવવાની જરૂર પડશે. તો પછી તે તો અસંખ્ય શબ્દોનો એક અધ્યાય બની જશે. અને એ અધ્યાયમાં

એવા સાધકોના ભાવો ચિતરાઈ જશે કે જેઓ કોઈ અનામી સત્ માટે સતત ઝૂરતા હોય છે. પણ તેને પામી શકતા નથી. તેનાં વિરહાગ્નિમાં સતત શેકાતા રહે છે. તે એક પ્રભુ માટેનો આર્તનાદ બની જશે. એક પોકાર બની જશે. શ્રી અરવિંદ લખે છે કે, ''તે ભાવો શબ્દ દેહ ધારણ કરશે તો

To enter, swelled into a canticle
of all that suffers to be still unknown

દિવ્યભાવોનો અધ્યાય એવો બની જશે જે એક દિવ્યભાવોની પ્રસૂતિ-વેદના સ્વરૂપ હશે પણ તે દિવ્યભાવો યર્થાથ અને પૂર્ણ રીતે અભિવ્યક્ત જ થઈ નહિં શકે. તે દિવ્યભાવો પ્રસવ પામશે નહિં. પણ જો તેનો થોડો ઘણો અંશ પણ પ્રગટ થવામાં યશસ્વી થશે તો તેમાં પ્રભુ પ્રત્યેના એવા મધુરભાવો વ્યક્ત થશે કે માનવોએ તેવા મધુરભાવો હજી સુધી માણ્યાં નહિં હોય. પણ તેવી પ્રગટ થવાની શક્યતા અશ્વપતિ જોતો નથી. તે માનવમાટે અણચાખ્યા મધુર ભાવો જ બની રહેશે.

તે અધ્યાય જો લખાશે તો તેમાં એવું અપાર્થિવ, અમર્ત્ય સૌંદર્ય પ્રગટશે જે માનવોએ કોઈ વખત દેખ્યું નહિં હોય. પણ તેવી પ્રગટ થવાની શક્યતા જ અશ્વપતિને લાગતી નથી તેથી તેવું સૌંદર્ય પણ અણદેખ્યું જ રહેશે. શ્રી અરવિંદ લખે છે કે તે અધ્યાય એટલે

And all that labours vainly to be born
And all the sweetness none will ever taste
And all the beauty that will never be.

આ બધી અશક્તતાઓ શા માટે છે તે અશ્વપતિ જાણે છે. પ્રભુનો અનંતરૂપે પ્રગટ થવાનો સંકલ્પ સક્રિય બનતાં જ તેમાંથી જે અનંત અને અતિવિશાળ મહાપ્રાણના પ્રવાહો વહેતાં થયાં છે, તેના વિવિધ તરંગો એટલે આ જગતમાંની વસ્તુ-માત્ર છે. તેવા તરંગો નિર્માણ થાય છે અને વસ્તુનું, વ્યક્તિનું રૂપ લે છે અને તે તરંગો મહાપ્રવાહમાં શમી જતાં તે વસ્તુઓ અને વ્યક્તિઓ નાશ પામે છે. આ જગત એટલે તે મહાપ્રાણના પ્રચંડ પ્રવાહના ફક્ત સપાટી ઉપરનું એક દૃશ્ય માત્ર છે. તે મહાપ્રાણનાં આંતરિક ભાગોમાં ગુપ્ત અને અપ્રગટ રહેલાં સત્યોને તો પ્રગટ કરવા જ શક્ય નથી. તેને તે પ્રવાહનાં બાહ્ય સપાટી ઉપર લાવવાં એ કામ માનવી ગજાનું નથી. તે તો પ્રભુ સંકલ્પને જ અનુસરે છે. તેથી પ્રભુની ઈચ્છાથી જ તે પ્રગટ થશે. માનવીઓ એટલા તો આ અજસ્ર પ્રવાહ સામે વામણાં છે કે જાણે

સમગ્ર માનવ જાત એક ખદબદતા જંતુઓનો એક નાનકડો સમૂહ માત્ર ન હોય ! આ પ્રકૃતિનાં વિરાટ સ્વરૂપથી માનવ પોતે જ હજી અજાણ છે.

આ પ્રવાહનાં ઘોડાપૂર ધસમસતા જઈ રહ્યાં છે છતાં તેની લહેરીઓમાં એક તાલબદ્ધતા છે. એક અપાર્થિવ ઠેકો છે. એક લય છે. શ્રી અરવિંદ આ અજસ્ર લયને world-rythms કહે છે અને તે વૈશ્વિક-તાલ એક અનેરૂં સંગીત રચે છે, એક નર્તન રચે છે. કોઈ ગહન પ્રભુ-ગાન ગાતો હોય એવો એ ધીરગંભીર, ઘેરો અવાજ છે. તે કોઈ અતળ ઊંડાણમાંથી ઘુમરાઈને આવતો હોય એવું લાગે છે. આવા અનંત નાદોનો મળીને એક વૈશ્વિક નાદ સર્વત્ર ગૂંજી રહ્યો છે. પણ દુર્ભાગ્યે આ સ્વર્ગીય ગાન માનવના મર્ત્ય-શ્રવણેન્દ્રિયોને સંભળાતું નથી. તેમની ક્ષમતા જ તેને સાંભળવાની નથી. તેઓ તે પ્રત્યે બધીર છે. શ્રી અરવિંદ જણાવે છે કે

Inaudible to our deaf mortal ears
The wide world-rhythms wove their stupendous chant

આ ધ્વનિ, આ નાદ એઓંકારનાદ છે. તે આદિ-નાદ છે તે જ શબ્દબ્રહ્મ છે.

આપણુ માનવી સ્વરૂપ આ મહાનાદનો જ એક અંશ છે. એક ભાગ છે. પણ આ વાસ્તવિકતા આપણે જાણતા નથી. પોતાને સ્વતંત્ર અને જુદા માનીએ છીએ પોતાને આગવો લય અને તાલ જીવનમાં રચવા માંગીએ છીએ અને અજાણતા તે વૈશ્વિકનાદ સાથેની સંવાદિતાને પાર્શ્વભૂમિમાં ધકેલી દઈએ છીએ. પોતાના મન, પ્રાણની ઘેલછા મુજબ જીવનને ઘાટ આપવાનો પ્રયત્ન કરીએ છીએ. આ રીતે નિર્માણ થતો વૈશ્વિક તાલ અને વ્યક્તિગત - તાલમાં તાલમેલ ન રહેતા દુઃખનો પાયો રચાય છે. વિસંવાદિતા જ દુઃખનું મૂળ છે.

આવી વ્યક્તિ થોડી સમજણી થતા પછી પોતાના લયને, જેને શ્રી અરવિંદ rhyme-beats કહે છે, તેને પેલા વૈશ્વિક-લય સાથે સંવાદમાં ગોઠવવાનો પ્રયત્ન કરે છે. અને તેને કદાચ તે ધર્માચરણ કે નૈતિક-જીવન કે આદર્શમય-જીવન એવા નામ આપે છે. તેથી આંતરિક સુખ વધ્યાનો અનુભવ આવે છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

To which life strives to fit our rhyme-beats here,

"here" શબ્દથી શ્રી અરવિંદ જણાવે છે કે આ ભૌતિક-જીવન જ કર્મભૂમિ છે. પ્રગતિની પ્રયોગ શાળા છે. અહિં જ આપણે પ્રગતિ કરી શકીએ છીએ. અન્ય સૂક્ષ્મ જગતોમાં તો અહિં કરેલી પ્રગતિ પચાવવામાં આવે છે. તેને દૃઢ કરવામાં

આવે છે. તેને આપણી ચેતનાનો ભાગ બનાવવામાં આવે છે અને તે જ આ ભૌતિક - જીવનનું અનન્ય મૂલ્ય છે. ભૌતિક -જીવનમાં માનવ તરીકે જે શરીર મળેલ છે, તેમાં અખિલ બ્રહ્માંડમાંના બધા જ લોક પરલોકો સાથે સંપર્ક સાધવાની ક્ષમતા છે અહિંથી જ અખિલ બ્રહ્માંડ સાથે સંપર્ક સધાય છે અને સૂક્ષ્મલોકના વિકસીત સ્વરૂપને પોતામાં ઉતારી પ્રગતિ કરી શકાય છે. સૂક્ષ્મ લોકોમાં પ્રગતિ નથી. પ્રભુના સંકલ્પાનુસાર તેમની ચેતનાની જે ક્ષમતાઓ અને વિશેષતાઓ એક વખત નિર્માણ થઈ છે, તે કાયમી સ્વરૂપે યથાવત્ રહે છે. તેમને પ્રગતિનો ખ્યાલ જ હોતો નથી. તેઓ તેમની ચેતનાના સ્તર દ્વારા પેલા વૈશ્વિક-લય સાથે જે રીતે ગોઠવાઈ ગયાં છે તેમાં પછી તેમને માટે પ્રગતિનો કોઈ અવકાશ જ રહેતો નથી.

માનવ જ અનુભવથી તે વૈશ્વિક તાલના એક થી એક તાલ સાથે પોતાના જીવનનો તાલ ગોઠવીને ઉત્ક્રાંતિની સીડી ચડી શકે છે. ચેતનાનો વિકાસ કરાવી શકે છે. આ જ આ પૃથ્વીલોકની અનન્યતા અને વિશેષતા છે. આ ઉત્ક્રાંતિની સીડી અંતે અસીમ ચેતનામાં જઈ મળે છે.

આવી રીતે આ ઉત્ક્રાંતિના પગથિયાં ચડતો ચડતો માનવ પ્રગતિ કરે છે. દરેક પ્રગતિ કરતી વખતે તે પોતાની અમુક મર્યાદાઓ અને બંધનો ઉપર વિજય મેળવી વધારેને વધારે અસીમ-ચેતનાની સમીપે આરોહણ કરતો જાય છે. જાણે તે પોતાની મર્યાદાઓને ઓગાળતો ન જતો હોય. અંતે તેણે અસીમ બનવાનું, મર્યાદા વિહીન બની જવાનું છે. બધી જ સીમાઓને ત્યાગવાની જ છે. અને એક સીમીત વ્યક્તિ ન રહેતાં અસીમ વ્યક્તિતામાં પોતાને સ્થિર કરવાની છે. એક અસીમને - ભૂમાને - મહત્‌ને પ્રાપ્ત કરવાનું છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

Melting our limits in the illimitable
Turning the finite to infinity.

આત્મદૃષ્ટિના આ બધા દૂરગામી પરિણામો છે. તેનો પરિપાક છે. અશ્વપતિને તો જાણે આત્મદૃષ્ટિનો જાદુઈ - ચિરાગ જડી ગયો હતો. જે વાંછિત ફળ આપી રહ્યો હતો.

અશ્વપતિ અસીમતામાં મ્હાલી રહ્યો હતો.

# પત્રોત્તર

## અતિમાનસ - ઉત્ક્રાંતિ

પ્રકરણ - ૩

## અધૂરી ઉત્ક્રાંતિ

(યોગ વિષે પત્રો ભા.૧ પેજ - ૧૯ થી ૩૦)

અતિમનસનું અવતરણથી અતિમનસ જગતને કોઈ દેખીતો ફાયદો નથી. પૃથ્વીને, ભૌતિક જગતને નિશ્ચિત ફાયદો થાય. ભૌતિક જગતમાં અંતર્ભૂત થએલ અતિમનસ તત્વ આ અવતરણના પ્રભાવ તળે સક્રિય બને છે અને પોતે ભૌતિક તત્વ મારફત પ્રગટ થઈ પોતાને અનુરૂપ સૃષ્ટિ સર્જન કરી શકે છે. આ રીતે તે હવે પ્રગટ સ્વરૂપે ઉત્ક્રાંતિમાં સહભાગી થાય છે.

ઊર્ધ્વમાં રહેલું અતિમનસ જગત પોતે જ સ્વયંપૂર્ણ હોવાથી અને ત્યાં ઉત્ક્રાતિ જેવું કાંઈ ન હોવાથી તેને કોઈ દેખીતો ફાયદો નથી. તેવું જ રહે છે પણ તેને આડકતરો ફાયદો મળે છે. હવે તે સીધે સીધું ભૌતિક જગત ઉપર પ્રભાવ દર્શાવી શકે છે. જે પહેલાં મન, પ્રાણ દ્વારા દર્શાવવામાં આવતો હતો.

પાર્થિવ તત્વમાં બધા જ જગતો અન્તર્ભૂત છે અને તે જેમ જેમ પ્રગટ થતા જાય છે તેમ તેમ પાર્થિવ તત્વ પોતે પૂર્ણતા પ્રાપ્ત કરતું જાય છે અને વિકાસ સાધતું જાય છે.

અતિમનસ જગતનો પૃથ્વિમાં અન્તર્ભૂત અતિમનસ તત્વ તેની પ્રેરણાને પ્રત્યુત્તર આપે એ અતિમનસ જગત ભૌતિક સ્તરે રચવા માટે અનિવાર્ય ઘટના છે.

પૃથ્વિ ઉપર જ ઉત્ક્રાંતિ થઈ રહી છે. પૃથ્વી એટલે ફક્ત પૃથ્વીગ્રહ નહિ પણ પાર્થિવ-તત્વ જ્યાં જ્યાં હોય તે દરેક ગ્રહ, દરેક તારો, દરેક સૂર્ય, દરેક આકાશગંગા. તેથી જ શ્રી અરવિંદે પૃથ્વી ઉપરની જીવ-સૃષ્ટિનાં બીજ અન્ય ગ્રહો ઉપરથી આવ્યાં છે એવો આડકતરો ઉલ્લેખ સાવિત્રીમાં કરેલ છે.

પૃથ્વી તત્વમાં અને પૃથ્વિ-ચેતનામાં આ રીતે ખનિજો, રસાયણો ક્ષારો જેવા નિર્જીવ તત્વોનો તો સમાવેશ છે જ પણ સાથે સાથે વનસ્પતિ, પશુ, પક્ષી, માનવ આ બધા જીવંત સૃષ્ટિનો પણ સમાવેશ થાય જ છે. પાર્થિવ-તત્વ અને પાર્થિવ-ચેતનામાં આ બધાનો સમાવેશ કરવો જરૂરી છે. પાર્થિવતત્વમાં વિકાસની

ક્ષમતા છે. ફક્ત ચેતનાએ પાર્થિવ સ્તરે આવી કાર્ય કરવું જરૂરી છે. તે વગર આધે આધેના પ્રભાવથી પાર્થિવ-ચેતનામાં થોડાઘણાં ફેરફાર થાય છે. પણ તેનામાં રહેલું અંતર્ભૂત પ્રતિભાવ આપતું સમાનકક્ષાનું તત્વ સક્રિય બનવું જરૂરી હોય છે. પૃથ્વીમાં બધા જ તત્વોના અંશ અન્તર્ભૂત છે એ જ તેની વિશેષતા છે અને મહત્તા પણ છે. પ્રાણમય સૃષ્ટિને પાર્થિવ તત્વમાંનું પ્રાણતત્વ પ્રતિભાવ આપે તો જ ભૌતિક સ્તરે પ્રાણમયસૃષ્ટિ રચી શકાય તેવું જ મન બાબત પણ છે.

હાલમાં અતિમનસ શક્તિ મનોમય કક્ષાનો સંપર્ક સાધી કાર્ય કરી રહી છે. તેથી વનસ્પતિ જગત કે ખનિજ કક્ષાએ તેનો સંપર્ક આડકતરો પ્રાણશક્તિ કે ભૌતિક-શક્તિ મારફત જ રહેશે. હજી બધી કક્ષાએ સીધેસીધું કાર્ય સ્થાપિત થએલ નથી. (આ વસ્તુ ૧૯૫૬માં સ્થાપિત થઈ) પ્રાણશક્તિમાં પણ અંતર્ભૂત પ્રજ્ઞા હોય છે. તે જ વનસ્પતિની સંકુલ રચનાને રચે છે અને નવ સર્જનને એ રૂપરંગોમાં ઢાળે છે.

લોકો અધ્યાત્મિક અને અતિમનસમાં ગોટાળા કરે છે. અધ્યાત્મ તો પૂર્વેનાં યુગોમાં હતું જ. તેની વિવિધ કક્ષાઓ હતી. પણ અતિમનસ નહોતું. અતિમનસમાં રૂપાંતરકારી શક્તિ છે. તે નવસર્જનની ક્ષમતા ધરાવે છે. તે સર્વજ્ઞ પણ છે. જ્યારે હાલનાં અધ્યાત્મમાં જુના સર્જનને પરમ-ચેતનાનો સ્પર્શ મળે છે, આંતરપ્રકાશ મળે છે. પણ તેની પ્રકૃતિનું રૂપાંતર થતું નથી. ભૂતકાળમાં આધ્યાત્મિક સાક્ષાત્કાર થએલાં અનેક દાખલાં છે. ચૈત્યપુરૂષનો સાક્ષાત્કાર પણ આધ્યાત્મિક અનુભવ ગણાય છે. અતિમનસ પુરૂષોત્તમની શક્તિ છે. તે અક્ષર કે ક્ષર પુરૂષની નથી, એ વસ્તુ ખાસ ધ્યાન રાખવી. અધ્યાત્મમાં પુરૂષોત્તમ, અક્ષર અને ક્ષર ત્રણે પુરૂષોનો સમાવેશ થાય છે.

શ્રી અરવિંદ જેને જ્ઞાન કહે છે તે તે અતિમનસમાં પ્રગટ થાય છે. તે પરમ-ચેતનાના આદિ સંકલ્પનું જ્ઞાન હોય છે. તેનું સાંગોપાંગ જ્ઞાન હોય છે. તેને જ વિજ્ઞાન કહે છે. અધિમનસથી માંડી ઠેઠ નીચે સુધી અજ્ઞાન છે. તેને વ્યવહારમાં જ્ઞાન કહે છે. પણ તેમાં અજ્ઞાનનું મિશ્રણ હોય છે. તેમાં પરમ-ચેતનાના આદિ-સંકલ્પનું રહસ્ય હજી અપ્રગટ જ રહે છે. કોયડો જ રહે છે.

અતિમનસ અને સામાન્ય મન વચ્ચે અનેક ભૂમિકાઓ આવેલી હોય છે. અતિમનસ એ ટોચ પર છે. તેથી અંતરિયાળ ભૂમિકાના પ્રકાશને સામાન્ય મન અતિમનસ સમજી બેસી ભૂલ કરે છે. પણ તે પ્રકાશ રૂપાંતર કરી શકતો નથી. અતિમનસ રૂપાંતર થયા પછી જ આનંદમય કોષનો અનુભવ થાય છે. નિમ્ન વિવિધ કક્ષાએ આવતા આનંદો મિશ્ર સ્વરૂપનાં જ હોય છે.

સારાંશ હાલના તબક્કે અતિમનસ શક્તિનું અવતરણ, ભૌતિક કક્ષાએ સ્થાપન અને તેનો સાક્ષાત્કાર એ જ આપણું ધ્યેય છે. તેથી ઉપરનાં ધ્યેયો પ્રાપ્ત કરવાને હજી વાર છે.

અતિમનસ પોતે જ પોતાની ક્ષમતાથી પોતે આવિર્ભાવ પામે છે. તે પોતાના વિષે પુરેપુરૂં જ્ઞાન પ્રથમથી જ ધરાવે છે અને પોતાના આવિર્ભાવમાં ઊણી ઉતરતી વસ્તુમાં પોતે જ પરિવર્તન લાવી પોતાના આવિર્ભાવ માટે સક્ષમ બનાવે છે. અતિમનસ આત્મશ્રદ્ધાથી ભરપૂર છે.

અતિમનસ જીવન દ્વારા પ્રગટ થાય છે. પણ જીવન એટલે દેહ નથી પણ તેમાં રહેલી ચેતના છે. ચેતનાના અનેક આવિર્ભાવો પૈકી 'જીવન' એક પાસુ માત્ર છે. જીવનવિહીન જડતત્વ પણ અંતે તો ચેતનાનો જ આવિર્ભાવો છે.

અચિત્ અને અસત્ય વચ્ચેનો સૂક્ષ્મભેદ સમજી લેવો જરૂરી છે. અચિત્ અથવા 'અચેતનતા' જડતા પણ સૌંદર્યને પ્રગટ કરે છે. દા.ત. પર્વતોનું સૌંદર્ય, નદી સરોવરનું સૌંદર્ય, વળી અચિત્ દુઃખદાયક હોય છે, તેમ પણ નથી. તેના સૌંદર્યને જોઈને આનંદ મળી શકે છે. પણ આ બધુ બાહ્ય જડતા સાથે આત્મતત્વ કરતું હોય છે. અસત્ અથવા અવિદ્યા એ પ્રાણમયતત્વની વિકૃતિમાંથી જન્મી છે અને મનોમય વિકૃતિને લીધે વિકાસ પામી છે. તેને જ 'અનિષ્ટ' કહે છે. જ્યારે અંતર્હિત ચેતના અને બાહ્ય જડ કોચલા વચ્ચે અભાનતાનો સંબંધ છે અર્થાત સંબંધ અને સ્પર્શ હોવા છતાં તે બાબત અજ્ઞાન છે ત્યાં સુધી અંતર્ભૂત-ચેતના બાહ્ય કોચલા મારફત પણ થોડી ઘણી પોતાને પ્રગટ કરી કાર્ય કરી શકે છે. પણ જ્યારે આ સંબંધ જ તૂટી જાય છે, વિચ્છેદ પામે છે ત્યારે જ 'અનિષ્ટ' અસત્ કે અવિદ્યા, જન્મ લે છે. ત્યારે અચિત્ પોતે ચેતનાનો ઉછીનો પ્રકાશ લઈ તેની શક્તિ દ્વારા પોતાને પ્રગટ કરવા લાગે છે.

આ અચિત્‌ની પણ આ રીતે પ્રગટ થવાની બધી જ પ્રકારની ક્ષમતાઓને પૂર્ણ પ્રગટ કરીને નિકાલ કરવાનો હોય છે. ત્યારે જ પ્રભુનો તે વસ્તુ કે વ્યક્તિ બાબતનો સમગ્ર સંકલ્પ સક્રિય બનીને પૂર્ણ રીતે પ્રગટ થાય છે. આપણને ચેતનાનો આંશિક કે અધૂરો આવિર્ભાવ માન્ય નથી. પૂર્ણ પ્રાગટ્ય જોઈએ છે. પૂર્ણ ચેતના રૂદ્ર અને વરુણના કાર્યોને પણ રૂપાંતરીત કરવા માંગે છે. આમૂલાગ્ર સર્વાંગપૂર્ણ પરિવર્તન અને રૂપાંતરની માગણી કરે છે. વિસંવાદને પણ સંવાદમાં લાવવાનું આ કપરું કાર્ય છે. જો ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં ચૈત્યપુરૂષ પહેલેથી જ સમર્થ અને નેતૃત્વનું સંચાલન કરતો હોત તો ઉત્ક્રાંતિ ફક્ત સંવાદમયતામાં જ આગળ વધત પણ પ્રભુએ તેને શરૂઆતમાં સમર્થ અને પ્રભાવી બનાવ્યો નથી

તેથી વિસંવાદના તત્વનો પણ ઉત્ક્રાંતિમાં સમાવેશ થએલ છે.

આપણે આ જગતમાં રહીને જ વિજય મેળવવાનો છે વિજય એટલે પ્રભુના સંકલ્પને ભૌતિક સ્તરે પ્રગટ કરવામાં યશસ્વી થયું. આ યશમાં જ આનંદ, જ્ઞાન અને પ્રકાશ, શાંતિનું અવતરણ થતું હોય છે.

ઊર્ધ્વમાં પરાત્પર ચેતના અને નીચેના જગત વચ્ચે જે ખાઈ નિર્માણ થઈ છે. તેની ઉપર આપણે પૂલ બાંધવનો છે. બુદ્ધે પુલ બાંધવા કરતાં કુદકો મારી ખાઈ ઓળંગીને ઊર્ધ્વ-ચેતનામાં સ્થાયી થવાનો માર્ગ લીધો. શંકરાચાર્યે પણ તે જ પદ્ધતિ અપનાવી. બન્નેએ જગતને અસત્ય અને માયા તરીકે ખપાવી પ્રશ્નનો નિકાલ લાવ્યો.

પણ આ પ્રશ્નનો સાચો ઉકેલ આ નથી. સાચો ઉકેલ એ છે કે પરમ-ચેતના ઉપર જ નિર્માણ થએલા જગતના બાહ્ય દેખાવમાંથી આપણી ચેતનાને મુક્ત કરી જગતમાં પણ પરમાત્માનું સ્વરૂપ શોધી કાઢવું. પરમાત્મ સ્વરૂપે જગત સત્ય જ છે તે અસત્ય કે ભ્રમ કે માયા નથી.

અચિત્‌માંથી નિર્માણ થએલ આ જગતમાં પણ પ્રભુએ સ્વેચ્છાએ આત્મકેદ સ્વીકારી છે અને પ્રગત યોનિઓ દ્વારા તે પોતાને વધારેને વધારે પ્રગટ અને મુક્ત કરતો જાય છે. આ કાર્ય સાધવા પ્રભુની જ શક્તિ અને ક્ષમતારૂપ અંતઃપ્રજ્ઞા પોતે આયોજન અને કાર્ય કરી રહી છે. આ કાર્ય માનવની કક્ષાએ પહોંચ્યું છે. પણ ઉત્ક્રાંતિ અને વિકાસ, પ્રભુનું આત્મ પ્રગટીકરણ અહિં જ અટકી જતું નથી. પણ આગળ વધવાનું છે. કદાચ આ વિકાસ ભૌતિક-શરીરમાં ઓછો ફેરફાર લાવી મનસાતીત ક્ષમતાઓને પ્રગટ કરશે. વિકાસ વ્યક્તિગત કક્ષાથી વૈશ્વિક અને વિશ્વાતીત કક્ષાએ વિસ્તરશે.

આ વિકાસની શરૂઆત હવે થવાની છે અથવા થઈ ચૂકી છે. આ વિકાસથી વ્યક્તિની પ્રકૃતિ અર્થાંત જડજગત પણ રૂપાંતર પામશે. આવા માર્ગના સાધકોને વીર-સાધકો અથવા દિવ્ય-સાધકો તંત્રશાસ્ત્રમાં કહે છે.

## એક પ્રયોગ

મગજમાં અસહ્ય દુઃખાવો ઉપડ્યો ત્યારે મેં ભજન ગાવાનું શરૂ કર્યું અને ભગવાનના એ ભાવમાં હું મારું મગજ જ નહિ પોતાની જાતને પણ વિસરી ગયો. મારો દુઃખાવો ક્યાંય જતો રહ્યો તેની ખબરે ય ન પડી.

૧૦.૪.૮૦ - ભૂપેન્દ્ર ત્રિવેદી

## અતિમનસ જગતનો શિલાન્યાસ

શ્રી અરવિંદના પોંડીચેરી આગમન શતાબ્દિ નિમિત્તે)

# પુદુચેરીનો પ્રતાપ

- હર્ષદ ઠકરાર

શ્રી અરવિંદ પરમપ્રભુના આદેશને અનુસરીને તા.૪ એપ્રિલ ૧૯૧૦ના રોજ પુદુચેરી આવ્યા.

સ્થૂલ રીતે ઈતિહાસકારોના મતે શ્રી અરવિંદ સ્વતંત્ર સેનાની અને સ્વતંત્ર ચળવળના પ્રણેતા હોવાથી બ્રીટીશ રાજના કાયદાની ચૂંગાલમાંથી છટકવા માટે ફ્રેન્ચ કોલોની પુદુચેરી આવ્યા.

પરંતુ સૂક્ષ્મ રીતે પરમપ્રભુનો શ્રી અરવિંદને પુદુચેરી લઈ આવવાનો ઉદેશ જુદો જ હતો.

પુદુચેરીને આપણે વેદપુરી તરીકે જાણીએ છીએ. જેનું સમર્થન આપણને શ્રી નલીનીકાન્ત ગુપ્તના લખાણો દ્વારા પ્રાપ્ત થાય છે.

તામીલભાષામાં પુદુચેરીનો અર્થ નૂતન નગર એમ થાય છે. જે આપણને શ્રી અરવિંદના જીવનદર્શન દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રથમ આપણે વેદપુરીનો અર્થ સમજવા સહચિંતન સહમનન કરશું.

વેદનો અર્થ જીવ, જગત અને બ્રહ્મ તત્વના જ્ઞાનનું દર્શન એવો થાય છે. દર્શન એટલે કોઈ પણ તત્વના આવિર્ભાવની પાછળ રહેલ ચેતનાની અનુભૂતિ. વેદ આપણને જીવ, જગત અને બ્રહ્મ ત્રણેયની પાછળ કાર્ય કરતી એક જ પરમ ચેતનાની અનુભૂતિ કરાવે છે.

પૂરી શબ્દનો અર્થ નગર અથવા રહેઠાણ એવો થાય છે. આ દૃષ્ટિએ વેદપુરી એટલે એવા લોક સમૂહનું રહેઠાણ જેમને પરમ ચેતનાની અનુભૂતિ થએલી છે.

આપણે સૌ જાણીએ છીએ કે શ્રી અરવિંદને પરમ ચેતનાની અનુભૂતિ એપોલો બંદર ઉપર પ્રથમ ડગ મૂક્યો ત્યારથી શરૂ થઈ ગઈ હતી.

વડોદરા નિવાસ દરમ્યાન આધ્યાત્મિક કામ સિવાયના અન્ય કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં શ્રી અરવિંદે તેમના યોગની સાધના ચાલું રાખી હતી અને નિરવ મનની અનુભૂતિનું કાયમ માટે સ્થાપન કરેલ હતું.

અલિપુર જેલમાં શ્રી અરવિંદને વાસુદેવ સર્વમિતિની અનુભૂતિ સ્થાયી થઈ

હતી.

શ્રી અરવિંદની સાધના પૂર્ણ કક્ષાએ પહોંચે અને તે સિદ્ધિ વ્યક્તિગત ન રહેતા સમગ્ર પાર્થિવ ચેતનામાં આવિર્ભાવ પામે તે માટે પરમ પ્રભુ શ્રી અરવિંદને પુદુચેરી લાવે છે.

પુદુચેરી વેદિકકાળના ઋષિ અગત્સ્યની પણ તપોભૂમિ છે. પૌરાણિક દંતકથા મુજબ અગત્સ્યે સમુદ્રનું પાન કર્યું હતુ અને પછીથી સમુદ્રને તેના યથા સ્થાને રાખી દેવામાં આવ્યો હતો.

દંતકથાનો સાંકેતિક અર્થ એ છે કે સમુદ્ર એટલે કે જળ જે જીવન શક્તિનું પ્રતીક છે. જીવન શક્તિ એટલે કે પ્રાણ શક્તિ. પ્રાણ શક્તિ જ જડતામાં, તમસ્‌માં સંવેદનો ઉત્પન્ન કરી જીવનને પ્રગટાવે છે. પ્રાણશક્તિ દ્વારા જ જગતમાં જીવ ઉત્ક્રાન્ત થતો અમીબામાંથી માનવ સુધી પહોંચ્યો છે.

યોગની સાધના કે જીવનની કોઈ સિદ્ધિ પ્રથમ પ્રાણની મદદ વિના શક્ય નથી. અશુદ્ધ પ્રાણમાં કામ ક્રોધાદિ ષડ્ રિપુઓ રહેલા છે. જ્યારે શુદ્ધ પ્રાણ માનવને ઊર્ધ્વ દિવ્યતા તરફ અભિમુખ કરે છે. આમ અગત્સ્ય ઋષિએ નિમ્ન પ્રાણનું ઊર્ધ્વ પ્રાણમાં રૂપાંતર કરી માનવની મન, પ્રાણ અને શરીરની બનેલી ત્રિવિધ પ્રકૃતિને દિવ્યતામાં પલટાવવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

સમુદ્રનું પાન એટલે અશુદ્ધ પ્રાણનું પાન કરવું અને સમુદ્રને છોડવો એટલે દિવ્ય શુદ્ધ પ્રાણને જીવનમાં સ્થાપવો.

આ અગત્સ્ય ઋષિની વ્યક્તિગત સિદ્ધિ હતી. જ્યારે શ્રી અરવિંદને વ્યક્તિગત સિદ્ધ પ્રાપ્ત કરવા માટે પુદુચેરી એટલે કે નૂતન નગર લાવવામાં આવ્યા ન હતા. પરંતુ માનવની અપરા પ્રકૃતિનું પરા પ્રકૃતિમાં રૂપાંતર થાય તે માટે લાવવામાં આવ્યા હતા. આ હેતુને શ્રી અરવિંદે પોતાની સાધના દ્વારા સિદ્ધ કરી આપેલ છે. શ્રી અરવિંદે પ્રાણ શક્તિનું અતિમનસ શક્તિમાં રૂપાંતરિત કરી આપેલ છે. પ્રાણ શક્તિનું અતિમનસ શક્તિમાં રૂપાંતર થવાથી માનવ અપરા પ્રકૃતિનો દાસ રહેતો નથી. પરંતુ પરા પ્રકૃતિ દ્વારા જીવનને રૂપાંતરીત કરી દિવ્ય જીવન જીવે છે. આ જીવન એટલે અપરા પ્રકૃતિના કારાગારમાંથી મુક્તિ અને પરાપ્રકૃતિના મંદિરમાં સ્થાપન.

શ્રી અરવિંદના પુદુચેરીના આગમનને ૯૯ વર્ષ પૂર્ણ થયા છે અને ૧૦૦ મું વર્ષ બેઠું છે. એટલે સાધકના મનમાં સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય કે આ શતાબ્દિ વર્ષ કઈ રીતે ઉજવું ? તો આ માટે શ્રી માતાજીએ ૧૯૭૨નો નૂતનવર્ષનો જે સંદેશો

આપ્યો તે મદદમાં આવે છે.

## 1972

## Let us all try to be worthy of Sri Aurobindo Centenary.

**- The Mother**

## ૧૯૭૨

## આપણે સૌ શ્રી અરવિંદ શતાબ્દિને માટે પાત્ર બનવાની કોશિશ કરીએ.

**- શ્રી માતાજી**

આ પાત્રતા કેવી રીતે પ્રાપ્ત થાય ? તે પ્રશ્ન સ્વભાવિક થાય. તેનો પ્રત્યુત્તર આપણને શ્રી માતાજી સાથે થયેલ પ્રશ્નોતરીમાંથી પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : પોતાને આશ્રમનું સાચું સંતાન કહેડાવવા માટે ક્યા ગુણો હોવા જરૂરી છે.

શ્રી માતાજી : સાચાદિલી, શૌર્ય, શિસ્ત, સહનશીલતા, દિવ્યકાર્યમાં સંપૂર્ણ શ્રદ્ધા અને દિવ્ય કૃપામાં અવિચળ વિશ્વાસ. આ બધાની સાથે હોવી જોઈએ ટકાઉ તીવ્ર અને સાતત્યપૂર્ણ અભીપ્સા અને અમર્યાદ ધીરજ.

આ પાત્રતા પ્રાપ્ત કર્યા પછી આપણે શ્રી અરવિંદની પુદુચરી આગમનની શતાબ્દિ કેવી રીતે ઉજવવી જોઈએ ? તો તે આપણને શ્રી માતાજીએ ઓલ ઈન્ડિયા રેડીયો પોંડીચેરીને પ્રસારણ માટે આપેલ સંદેશ દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. આ સંદેશો નીચે મુજબ છે.

''આજે શ્રી અરવિંદ શતાબ્દિ વર્ષનો પ્રથમ દિવસ છે. તેમણે તેમના શરીરનો ત્યાગ કર્યો છે છતાં તેઓ આપણી સાથે જીવંત અને સક્રિય છે.

શ્રી અરવિંદ ભવિષ્યની સાથે સંકળાયેલા છે, તેઓ ભવિષ્યના દૂત છે, દિવ્ય પ્રભુના સંકલ્પ દ્વારા રચાતા ભવ્ય ભવિષ્યના સાક્ષાત્કારને ઝડપી બનાવવા માટે ક્યો રસ્તો અનુસરવો તેના માટે હજુ પણ આપણને તેઓ માર્ગદર્શન આપે છે.

જો બધાને માનવજાતિની પ્રગતિ માટે અને ભારતના ઉજ્જળ નિયતિ માટે સહકાર આપવો હોય તેમણે એક અતિન્દ્રિય સમજશક્તિની અભીપ્સામાં અને પ્રકાશિત કાર્યમાં જોડાવું જોઈએ.''

- શ્રી માતાજી

૧૫ ઓગષ્ટ ૧૯૭૧ (માતૃવાણી ગ્રંથ ૧૩ - પૃ.૮)

# સુંદર કથાઓ

- શ્રી અરવિંદ

બાળ કથાઓ

(પેજ ૫૨-૫૪)

## ધ્યેયની લગની

એક અંગ્રેજ અફસર હિંદમાં સંસ્કૃતિ જેવું કાંઈ નથી, અહિંના લોકો અંધશ્રદ્ધાથી ભરપૂર છે, અભણ છે, તેમને સ્વચ્છતાના મહત્વની જ ખબર નથી, એવી એવી વાતો કરતો હતો. બાબુ પ્રતાપચંદ્રરાય આ સાંભળીને મનોમન અંદર ઉકળી રહ્યાં હતાં. અંતે તેમનાથી રહેવાયુ જ નહિ અને બોલ્યા.

મહાશય, આપને હિંદ બાબત કોઈ જાણકારી જ નથી. આપે વેદો, ઉપનિષદો, ગીતા, રામાયણ, મહાભારત કે ભારતીય દર્શન-શાસ્ત્રોનો અભ્યાસ કરેલ નથી. તે અજ્ઞાનને કારણે જ આપ આવા અસત્ય-વિધાન કરો છો. પહેલા આનો અભ્યાસ કરી પછી જ બોલજો.

તે બાદ બાબુ પ્રતાપચંદ રાયનાં મગજમાં ઝંઝાવાત શરૂ થયો. હું શું કરૂં જેથી યુરોપિયનોને ભારતીય સંસ્કૃતિની ઝાંખી થાય ? અંતે તેમણે મહાભારતનું અંગ્રેજીમાં ભાષાંતર કરી ઓળખાણ આપવાનું નક્કી કર્યું. કારણ વ્યાસજીએ જગતમાંના બધા જ વિષયો આવરી લીધાં છે. કોઈ બાકી રાખ્યો નથી. એવું વિધાન તેમણે સાંભળેલું (વ્યાસોત્છીષ્ટં જગત સર્વમ્)

તેમના એક મિત્ર હતાં. નામ કિશોર મોહન ગાંગુલી. તેઓ અંગ્રેજી અને સંસ્કૃત બન્ને ભાષા જાણતા હતા. તેમની સાથે તેમણે વાત કરી. બન્નેએ મળીને મહાભારતનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાનું નક્કી કર્યું.

બાબુ પ્રતાપચંદ્ર રાયે પોતાની કમાણી તેની પાછળ લગાડવી શરૂ કરી. પણ તેમની કમાણી ખૂટી ગઈ. તેથી તેમણે ભારતમાં પ્રવાસ કરી રાજા મહારાજાઓને મળી મદદ મેળવવી શરૂ કરી. યુરોપના તેમના મિત્રોએ પણ મદદ કરી. આમને આમ બારવર્ષ નિકળી ગયાં. પણ આ ખડતર પ્રવાસને કારણે બાબુ પ્રતાપચંદ્ર રાયને મેલેરિયા લાગુ પડયો. તેને કારણે શરીર ઘસાતું ગયું. તેમને મૃત્યુ સામે દેખાવા માંડ્યું.

રાત્રે પત્નિ સુંદરીબાલા અને તેઓ એકલા હતા ત્યારે પોતાની વ્યથા પોતાની પત્નિ સામે ઠલવી.

''બાલા, મારી જિંદગી પૂરી થવામાં છે. હવે મારું બચવું મુશ્કેલ છે. પણ એક કામ કરજે મારા કારજમાં પૈસા વાપરતી નહિં. તે પૈસા મહાભારતના પ્રકાશનમાં વાપરજે.''

સુંદરીબાલાથી રોઈ પડાયું. બોલ્યા, ''તમે હિંમત હારો નહિં. પ્રભુ, બધુ સારું કરશે. મને શ્રદ્ધા છે.''

''બાલા, હું હવે મૃત્યુને જોઈ રહ્યો છું. ખોટી આશા રાખીશ નહિં. મને વચન આપ. તું મારું કાર્ય પુરૂ ? કરીશ તે વિના મને સદ્ગતિ નહિં મળે. વચન આપ, બાલા. મને વચન આપ.''

સુંદરીબાલાએ પતિને વચન આપ્યું બાબુ પ્રતાપચંદ્રને શાતા વળી.

વહેલી સવારે તેમણે દેહત્યાગ કર્યો.

બારમું વર્ષ પુરૂ થયું. કિશોરચંદ્ર ગાંગુલીએ મહાનકાર્ય પાર પાડ્યું અને મહાભારતના અઢારે અઢાર પર્વોનું અંગ્રેજી ભાષાંતર અગિયાર ગ્રંથોમાં પ્રકાશિત થયું.

યુરોપિયનોએ જ્યારે તે વાંચ્યું ત્યારે તેઓ બોલી ઊઠ્યા.

''ઓહો, આમાં તો જગતનો જ્ઞાનભંડાર ભરેલો છે.''

તે દિવસે બાબુ પ્રતાપચંદ્ર રાયના જીવને શાંતિ મળી હશે. તે રાત્રે સુંદરીબાલાએ પોતાના પતિના ફોટા સામે બેસીને પ્રાર્થના કરી. તેઓ કહી રહ્યાં હતાં. ''નાથ, તમારી પ્રતિજ્ઞા મેં આજ રોજ પૂરી કરી છે. તમને આપેલો કોલ પૂરો કર્યા છે.'' સુંદરીબાલાના આંખમાંથી દડદડ આંસુ જઈ રહ્યાં હતાં.

મમ્મીએ વાર્તા પૂરી કરી, '' બેટા, આવા અનેક લોકોએ ભારતની પહેચાન અન્ય દેશોને આપી છે. આ પણ ભગવાનનું જ કાર્ય છે.''

મમ્મી, હું પણ ભગવાનનું કાર્ય કરીશ.

પ્રોમીસ,

પ્રોમીસ મમ્મી.

# અતિમનસ - સાધના

## અતિમનસ-યોગ

(એડવેન્ટ નવે.૧૯૫૫ના આધારે)

પ્રકરણ - ૧

(સુંદરમ્ કૃત ભાષાંતર - અતિમાનસ - પેજ ૧-૭ ઉપર આધારિત)

આપણા માનવી સ્વરૂપમાં વિવિધ તત્વો છે અને દરેક તત્વની પોતાની ખાસ-શક્તિ છે. આપણા તત્વોમાં મન આવે છે, પ્રાણ આવે છે, અને શારીરિક તત્વ પણ આવે છે. મનની શક્તિ એટલે વિચાર કરવાની, ચિંતન કરવાની શક્તિ. પ્રાણની શક્તિ એટલે ભાવનાઓ અનુભવવાની શક્તિ, ભાવ-શક્તિ, શરીરની શારીરિક-શક્તિ. આ ત્રણે શક્તિઓને પોતાની મર્યાદાઓ છે. તેથી આ ત્રણેમાંના કોઈ એક તત્વ દ્વારા કે તેની શક્તિ દ્વારા અથવા ત્રણે સાથે કરેલી પ્રભુને અનુભવવા માટેની સાધના પ્રભુનો મર્યાદિત અથવા આંશિક જ અનુભવ કરાવશે. પ્રભુ પોતે જેવા છે તેવા જ સમગ્ર રીતે તેમનો અનુભવ નહિ આવે. પ્રભુ તો અનંત સ્વરૂપનાં છે તો પછી તે મર્યાદિત સાધનોથી પૂરેપૂરા જાણવા શક્ય જ નથી.

પણ આપણા સ્વરૂપમાં મનની ઉપરનાં તત્વો પણ છે અને તેવી શક્તિ પણ છે પણ તે બીજ સ્વરૂપે છે. તેને વિકસાવીને જો પ્રભુનો અનુભવ કરવામાં પ્રયોજીએ તો જ હેતૂ સરશે. શ્રી અરવિંદ આવા તત્વને અતિમનસ તત્વ અને તેની શક્તિને અતિમનસ શક્તિ કહે છે. તો આપણામાંની તે શક્તિને જાગૃત કેવી રીતે કરવી આ પ્રશ્ન છે. તે માટે પ્રથમ આપણે હાલમાં હાથવગી બધી જ શક્તિઓને એક સામટી વાપરીને જ જાગૃત કરાશે. મનનો દૃઢ સંકલ્પ, પ્રાણની તીવ્રતા અને એકાગ્રતા અને શરીરની કાર્યદ્વારા જીવનમાં લાવવાની ક્ષમતા, ત્રણેનો એકી સાથે પ્રયોગ કરવાનો રહેશે.

જ્યારે અતિમનસ શક્તિ જાગૃત થાય છે ત્યારે તે બે દિશામાં કામ કરવા માંડે છે.

૧ પ્રભુની અનંત-ચેતના તરફ આપણાં તત્વો એકાગ્ર થઈને ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે. આરોહણ કરે છે. તે વધારેને વધારે શુદ્ધ અને દિવ્ય થતાં જાય છે. આ પ્રક્રિયાને કારણે જ આપણને તે તત્વો આરોહણ કરી રહ્યાં છે એવા સંવેદનો જાગે છે.

૨ બીજું, પ્રભુની ચેતના આપણા સ્વરૂપમાં અવતરણ પામે છે અને આપણા મન, પ્રાણ, શરીરનો કબજો લઈ તેની મારફત કાર્ય કરવા માંડે છે. પ્રભુ જે આપણને ખૂબ ઊર્ધ્વમાં લાગતા હતાં તે હવે આપણી અંદર આવીને વસ્યા છે, એવું લાગવાથી અવતરણના સંવેદનો જાગે છે.

આ બે દિશાના અતિમનસના કાર્યમાં વચગાળાના વિવિધ તબક્કાઓ અનુભવાય છે. દા.ત.

૧ આપણાં મન, પ્રાણ, શરીર સામૂહિક રીતે, એકાગ્ર થઈને પ્રભુની માગણી કરવા માંડે છે જેને આપણે એક તીવ્ર ઝંખના તરીકે અનુભવીએ છીએ. એક આંતરિક પોકાર, તીવ્ર પ્રાર્થના સ્વરૂપે અનુભવીએ છીએ. આને **''અભીપ્સા''** કહે છે.

૨ આને કારણે આપણું હ્દય એકદમ ખૂલી જાય છે. તે નમ્ર અને સમર્પિત બની જાય છે. પ્રભુની - ચેતનાને પોતામાં ઝીલવાની તેમાં તત્પરતા જાગે છે. આને **''ઉદ્‌ઘાટન''** કહે છે.

૩ આ ઉદ્‌ઘાટનને કારણે જ્યારે અતિમનસ-ચેતના નીચે ઘસારા સાથે અવતરણ પામે છે ત્યારે આપણા સ્વરૂપમાં તેને ઝીલવાની નવી શક્તિ પ્રગટ થતી અનુભવાય છે. તે શક્તિ શાંતિથી, સમતાથી, એકાગ્રતાથી તે દિવ્ય-અવતરણને ધારણ કરે છે. આને **''ગ્રહણશીલતા''** કહે છે.

૪ તે પછી તે ધારણ કરેલી અતિમનસ શક્તિ પોતે આપણને કરણ બનાવવાનો પ્રયત્ન કરે છે. આને **''રૂપાંતર''** ના કાર્યની શરૂઆત કહેવાય છે.

૫ આ પ્રક્રિયા દરમિયાન આપણને જે આનંદ, તૃપ્તિ, કૃતાર્થતા, શાંતિ, પ્રકાશ અસીમતા અનુભવાય છે તેને દિવ્ય-શક્તિઓનું **''અવતરણ''** કહેવાય છે ખરેખર તે અતિમનસ શક્તિનાં જ વિવિધ પરિણામો હોય છે.

૬ આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન આપણે તે સમગ્ર પ્રક્રિયાને જે સહકાર આપીએ છીએ તેને આપણી **''સંમતિ''** કહેવાય છે, સમર્પણ કહેવાય છે.

૭ આ પ્રક્રિયામાં આપણું વિવેકી મન સદા જાગૃત રાખવું પડે છે કારણ, અદિવ્ય શક્તિઓ અને સ્વરૂપોને પણ પોતાનો પ્રકાશ અને પોતાની પ્રચંડ શક્તિ હોય છે. તેને પ્રભુ તરીકે ન સમજી લઈએ એ વિવેક રાખવો જરૂરી છે પ્રભુની શક્તિઓ અહંકારનો નાશ કરે છે પણ આસુરી શક્તિઓ અહંકારને બળવાન બનાવે છે આના આધારે જ વિવેક કરવાનો હોય છે આને **''આંતરિક જાગૃતિ''** કહેવાય છે.

(અનુ. પાના નં.૧૭ ઉપર)



**શ્રી અરવિંદ**

શ્રી અરવિંદને જોઈને, બોલે વેણ જગમાત,
પ્રભુ કાર્ય સંપન્ન થશે, વહેલુંમોડું પણ ખાસ.



## બાળકોનો કર્મયોગ

**બાળકો કર્મો કરે, મગ્ન બની દિન - રાત,**
**સાધના અવિરત વધી, અર્પિત કરે સ્વ-જાત.**


# સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા.૧૦૦.૦૦ વિદેશમા : ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH